# વિશ્વવિહાર

વર્ષ : 24 * અંક : 3 * ડિસેમ્બર 2021 * કિં. ₹ 15




ક્લાઇમેટ ચેન્જ માટે પ્રજાનો પોકાર



'સરદાર પટેલ અને રાષ્ટ્રીય સુરક્ષા' વિશે પ્રવીણ ક. લહેરી




'વિશ્વા'ના સાંસ્કૃતિક કાર્યક્રમમાં વક્તવ્ય આપતાં શ્રી વિરાજ અમર ભટ્ટ

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : અજય ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪
◆
email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૫૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
**વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)**

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# ક્ષમતાને પારખીને શિક્ષણ

'થ્રી ઈડિયટ' ફિલ્મના રેન્ચોનું પાત્ર તમને યાદ હશે. ડિગ્રીની દીવાલોમાં બંધાયેલા શિક્ષણના ચુસ્ત ચોકઠામાં નવો અભિગમ અને મૌલિક દૃષ્ટિ ધરાવતા રેન્ચોના પાત્રએ સાયન્સ, મેડિકલ અને એન્જિનિયરિંગ વિદ્યાશાખામાં ઉચ્ચડિગ્રી મેળવવાના ખ્યાલોમાં રાચતા શિક્ષણવિદો અને સમાજના લોકોની આંખો ખોલી નાખી અને શિક્ષણમાં વિદ્યાર્થીની ભીતરમાં પડેલી આપસૂઝ, સર્જનાત્મકતા અને નવી દૃષ્ટિનો વિકાસપથ દર્શાવ્યો હતો.

વિદ્યાર્થીકાળમાં ડિગ્રી મેળવવા માટે તમે કઈ વિદ્યાશાખા પસંદ કરો છો, તે મહત્ત્વનું નથી, પરંતુ કયા વિષયમાં કે કયા ક્ષેત્રમાં તમારી અભિરુચિ છે અને એ દિશામાં તમારો ઉત્સાહ અને તમારી પ્ર-ગતિ હોય, તે અગત્યનું છે. વિદ્યાર્થીની ભીતરમાં પડેલી સૂઝ અને કૌશલ્યનો વિકાસ કરતી કેળવણી હોવી જોઈએ તેવો વિચાર ફિલ્મમાં રેન્ચોના પ્રેરક પાત્ર દ્વારા આપવામાં આવ્યો. સાવ નકામાં અને નાખી દીધેલાં સાધનોને એકઠાં કરીને એ એક નવીન સર્જન કરે છે અને આપણને આશ્ચર્યચકિત કરે, તે રીતે કાર્ય સિદ્ધ કરે છે. બાળકોમાં પડેલી સર્જકતાને ખીલવીને નવીન સર્જન કરવા માટે રેન્ચો માર્ગદર્શક બને છે.

આ રેન્ચોનું આજે સ્મરણ એ માટે થયું કે ઓડિશાના કટક શહેરથી બાર કિલોમીટર દૂર એક ટાપુ પર અમુક ગામનો સમૂહ રહે છે. એ ટાપુ ૪૨ મોઉજા તરીકે ઓળખાય છે. આ ગામની નિશાળનો શિક્ષક અનિલ પ્રધાન એની નિશાળનાં બાળકોને નવી શોધ માટેની દૃષ્ટિ આપે છે અને એને માટે જરૂરી ટૅક્નૉલૉજીના પાઠ શીખવે છે. એમને માટે શિક્ષણ એટલે જુદા જુદા વિષયોની ગોખણપટ્ટી નહીં, પરંતુ પોતે પ્રાપ્ત કરેલા શિક્ષણનો વ્યવહારમાં ઉપયોગ છે.

વળી એક આશ્ચર્યજનક ઘટના તો એ બની કે ઓડિશાના બારલ ગામના એક ખેડૂતે આવીને અનિલને પ્રશ્ન કર્યો, 'અરે ભાઈ, આ 'ઈનૉવેશન' (Innovation) શબ્દનો અર્થ શું થાય ?' એક ખેડૂત પાસેથી આવો સવાલ સાંભળીને આશ્ચર્યચકિત અનિલે પૂછ્યું, 'આ શબ્દ તમને કોણે શીખવ્યો ?'

ખેડૂતે ઉત્તર આપ્યો, ''ગઈકાલે સાંજે મારો દીકરો વાસુદેવ એની સાઇકલના સ્પેરપાર્ટ્સ એક પછી એક અલગ કરતો હતો, ત્યારે મેં એને જરા કઠોર અવાજે પૂછ્યું, 'અલ્યા, શું કરી રહ્યો છે ?' અને ત્યારે એણે જવાબ આપ્યો, 'હું ઈનૉવેશન કરી રહ્યો છું.''

અને હકીકતમાં બારલમાં આવેલી અનિલની International Public School for Rural Innovation(IPSFRI)નો આ વિદ્યાર્થી શોધ-સંશોધનમાં રસ ધરાવે છે.

નવીનતા અને ટૅક્નૉલૉજી દ્વારા ગામડાંમાં શિક્ષણની ગુણવત્તા સુધારવી એ અનિલની શાળાનો મુખ્ય ઉદ્દેશ છે.

આનું કારણ એ છે કે બહુ નાની વયથી જ અનિલ પ્રધાનને શિક્ષણના મૂલ્યની, જીવનના ધ્યેયની અને એથીયે વિશેષ તો ઇનૉવેશનની સમજણ આવી ગઈ હતી. સ્કૂલે જવા માટે એને બારલથી કટક સુધીનું બાર કિલોમીટરનું અંતર કાપવું પડતું હતું. રસ્તો સાવ બિસ્માર. ક્યારેક સાઈકલમાં નાનો પથરો ઘૂસી જાય, તો ક્યારેક કંઈક વાગતાં વ્હીલમાંથી હવા નીકળી જાય. વારંવાર પંક્ચર થાય અને આમ રોજેરોજ સાઈકલમાં કોઈ ને કોઈ મુશ્કેલી ઊભી થતી. અધવચ્ચે ઊભા રહીને રિપૅરિંગ કરવું પડતું. આ સમસ્યાનું સમાધાન કરવું, એ એનું રોજિંદું કામ બની ગયું. બસ, અહીંથી એને ઇનૉવેશન કરવાનો મનમાં વિચાર આવ્યો. કંઈક નવું કરવાની પ્રેરણા જાગી.

એના પિતા એસ. કે. પ્રધાનની રાષ્ટ્ર પ્રત્યેની અને લોકસેવા પ્રત્યેની ભાવના અનિલને પ્રભાવિત કરી ગઈ, તો એની માતા પાસેથી એને પોતાના ગામમાં સ્કૂલનું નિર્માણ કરવાની પ્રેરણા મળી. એની માતાએ આ પ્રેરણા એ માટે આપી કે અનિલે ઓડિશાની અંગ્રેજી માધ્યમની શાળામાં અભ્યાસ કર્યો હોવા છતાં ભોપાલની કાર્મેલ કૉન્વેન્ટે અનિલની છટાદાર અંગ્રેજી બોલવાની અણઆવડતને કારણે પ્રવેશ આપવાનો ધરાર ઇન્કાર કર્યો. આ સમયે અનિલને શહેરની અને ગામડાંની શાળાના શિક્ષણ વચ્ચેનો ભેદ સમજાયો.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ક્ષમતાને પારખીને શિક્ષણ | ૩ | કુમારપાળ દેસાઈ |
| જાગીએ, સમજીએ અને જીવનને બચાવીએ ! | ૭ | પ્રવીણ ક. લહેરી |
| અક્રમ વિજ્ઞાન | ૧૦ | પ્રવીણચંદ્ર પરીખ |
| મારી વાચનકથા | ૧૩ | રતિલાલ બોરીસાગર |
| ઈ-સંદેશાઓનું ઘોડાપૂર અને ઊર્જાના સુકાતા સ્રોત | ૧૭ | ચિંતન ભટ્ટ |
| ૨૧મી સદીના કપાળ પર ઊપસેલી ચિંતાની એક નવી લકીર | ૨૦ | હર્ષ મેસવાણિયા |
| પ્રસન્ન પ્રેરણાનો એક અનુભવ | ૨૩ | ભારતી રાણે |
| વિદ્યાતપનું પુણ્ય હજી પણ તપે છે ! | ૨૫ | ડૉ. રાકેશકુમાર સી. મહેતા |
| જીવદયા માટે આભાર ! | ૨૭ | રાજેન્દ્ર પટેલ |
| કલા, પ્રેમ ને અધ્યાત્મની અખંડ જ્યોત | ૨૮ | રાજશ્રી મહાદેવિયા |
| શિક્ષકનું અભિવાદન અને શિક્ષણનિધિની સ્થાપના | ૩૦ | – |
| સાડા ત્રણ હજાર બાળકોની અમ્મા | ૩૧ | પ્રીતિ શાહ |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | – |

શાળાનો અભ્યાસ પૂરો કરીને અનિલે સિવિલ એન્જિનિયરિંગ માટે સુરેન્દ્ર સાંઈ યુનિવર્સિટી ઑફ ટૅક્નૉલૉજીમાં પ્રવેશ મેળવ્યો, પણ ડિગ્રીના અભ્યાસની સાથોસાથ કૉલેજની રોબૉટિક્સ સોસાયટીમાં સક્રિય રૂપે ભાગ લેવા માંડ્યો અને જુદા જુદા પ્રોજેક્ટમાં રસ લેવા લાગ્યો. યુનિવર્સિટીની આ સંશોધક વિદ્યાર્થી ટીમનો એ એક મહત્ત્વનો સભ્ય બન્યો. જે ટીમે વિશ્વના એકમાત્ર માનવસર્જિત એવા લાંબા હીરાકુડ ડૅમ પર દેખરેખ રાખી શકાય તે માટે એક સેટેલાઇટ બનાવ્યો હતો. અહીં એણે એની ટીમ સાથે એક એવો રોબૉટ બનાવ્યો કે જે વીજળીના થાંભલા પર ચઢીને વાયરોનું રિપૅરિંગ કરી શકે. કૉલેજમાં કઠોર પરિશ્રમથી એ જે કંઈ શીખ્યો, તેનો પોતાની શાળામાં ઉપયોગ કર્યો અને ગ્રામવિસ્તારનાં બાળકો વર્તમાન સમયની ટૅક્નૉલૉજીથી વંચિત ન રહે તેવો પ્રયાસ કર્યો. પોતાને સારું શિક્ષણ લેવા માટે ગામ છોડીને જવું પડ્યું હતું, પણ ગામનાં બીજાં બાળકોને આવી લાચારી વેઠવી ન પડે, તે માટે તેણે ગામમાં શાળા શરૂ કરી. એ માને છે કે આપણે ત્યાં નિશાળોમાં જે કંઈ શીખવવામાં આવે છે, તેમાં બાળકમાં રહેલી રચનાત્મકતા બહાર આવતી નથી. પોતાની નિશાળમાં એ એવાં બાળકો તૈયાર કરવા ઇચ્છે છે જે સમસ્યા જોઈને કે એને વિશે વિચાર કરીને થોભી જાય નહીં, બલ્કે એ સમસ્યાના સમાધાનનો વિચાર કરે.

પોતાના ગામમાં અનિલે આવી શાળા શરૂ કરી, પણ ત્યાં ભણવાની પહેલ કોણ કરે ? ગ્રામજનોને માટે ફી આપીને પોતાનાં બાળકોને આવી શાળામાં ભણાવવાનું આર્થિક રીતે મુશ્કેલ બને. આથી ગામનાં બાળકોને સરકારી શાળામાં મોકલવામાં આવતાં, જેથી વિનામૂલ્યે શિક્ષણ તો મળે જ, પણ સાથોસાથ ભોજન પણ મળે. અનિલ અને સ્કૂલ માટે પ્રેરણા આપનારી એની માતા બાળકોને કદાચ વિનામૂલ્યે શિક્ષણ તો આપી શકે, પરંતુ ભોજનની વ્યવસ્થા કરવાનું એમને માટે શક્ય નહોતું. એમણે બાળકોને યોગ્ય પોષણક્ષમ આહાર મળી રહે એ માટે એક ચાર્ટ તૈયાર કર્યો અને આ પ્રકારનું ભોજન ઘેરથી લંચબૉક્સમાં લાવવાની સૂચના આપી, પરંતુ આ ગરીબ બાળકો એવું ભોજન લાવે કઈ રીતે ? તો બીજી બાજુ અનિલ અને એમનાં માતાને માટે આ બાળકોનાં માતા-પિતાને સમજાવવા ઘણી વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો, પણ આ પરિસ્થિતિથી સહેજે કંટાળ્યા કે થાક્યા વિના પ્રયત્નો ચાલુ રાખ્યા. શાળામાં શરૂઆતમાં માત્ર ત્રણ બાળકોએ પ્રવેશ મેળવ્યો અને આજે આ શાળામાં ૨૫૦ બાળકો અભ્યાસ કરે છે.

આ શાળામાં પ્રિ-સ્કૂલ નર્સરીથી શરૂ કરીને છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ કરાવવામાં આવે છે. મજાની વાત એ છે કે એની શાળાના વર્ગમાં ૩-ડી પ્રિન્ટર, ડ્રિલિંગ મશીન, લેઝર કટર, પાના-પકડ, સ્ક્રૂ ડ્રાઇવર્સ અને અન્ય સાધનો રાખવામાં આવે છે. આ સાધનો રાખવા પાછળ આશય એવો છે કે વિજ્ઞાન, ટૅક્નૉલૉજી અને પોતાની સૂઝ તથા કુશળતાને આધારે આ બાળકો વાસ્તવિક જીવનમાં આવતી સમસ્યાઓના સમાધાન માટે આ બધાનો ઉપયોગ કરે. આમ અહીંની શિક્ષણપદ્ધતિ સાવ જુદી છે. જે કંઈ અભ્યાસ કરવામાં આવે છે, તે પ્રૅક્ટિકલ હોય છે અને અઘરા વિષયોને પણ ઉત્સાહ અને રચનાત્મક રીતે શીખવવામાં આવે છે.

અનિલ માને છે કે દરેક બાળકની વિચારશક્તિ અને ક્ષમતા ભિન્ન ભિન્ન હોય છે અને તેથી તમામ બાળકોને એકસરખા અભ્યાસક્રમથી એકસાથે શીખવવું યોગ્ય ગણાય નહીં. આથી એણે બાળકોની અભિરુચિ અને કક્ષા મુજબ જુદા જુદા અભ્યાસક્રમો બનાવ્યા છે, તો વળી એમની ક્ષમતા પ્રમાણે સાનુકૂળ થાય તેવાં વિશેષ ક્ષેત્રોના અભ્યાસક્રમો પણ ઘડ્યા છે.

મહત્ત્વની વાત તો એ છે કે આ શાળામાં કોઈ પરીક્ષાનું આયોજન કરાતું નથી. એમાં બાળકોને પ્રશ્નો પૂછવામાં આવે છે અને એમની પ્રતિક્રિયાને આધારે એમને એક વર્ગમાં વહેંચવામાં આવે છે, જ્યાં એમના શૈક્ષણિક પ્રદર્શનના સુધારા કે ઘટાડાને દર્શાવે છે. તો વળી રમતગમત, ક્રાફ્ટ અને જુદા જુદા પ્રયોગોની ઇતરપ્રવૃત્તિ પણ કરાવવામાં આવે છે. આ સઘળા પ્રયત્નોને અંતે બાળકોની અભિરુચિનો તાગ મેળવવામાં આવે છે. એનું એક જ ઉદાહરણ જોઈએ તો, સામાન્ય રીતે બાળક પ્લાસ્ટિકની બૉટલ ફેંકી દેતો હોય છે, ત્યારે અહીં એને નકામી બની ગયેલી પ્લાસ્ટિકની બૉટલ દ્વારા બાગકામ શીખવવામાં આવે છે. બૉટલમાં રાખેલા બીજનું કઈ રીતે નિરીક્ષણ કરવું, કઈ રીતે એનું પોષણ કરવું અને કઈ રીતે છોડનો વિકાસ કરવો તે શીખવવામાં આવે છે. એ રીતે બાળકો જાતઅનુભવથી સમજે છે કે પ્લાસ્ટિકની બૉટલ ફેંકી દેવા કરતાં તેનો બીજી ઘણી રીતે ઉપયોગ થઈ શકે અને એની સાથોસાથ બાળકોને બાયૉલૉજી અને વનસ્પતિની સંભાળ લેવાની કળા શીખવવામાં આવે છે. મોટી ઉંમરના વિદ્યાર્થીઓ અથવા તો અન્ય શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જો આ શાળામાં અભ્યાસ કરવા ઇચ્છે તો તેમને માટે શાળાનો સમય પૂર્ણ થયા બાદ બપોરના સાડા ત્રણથી પાંચ વાગ્યા દરમિયાન અનિલ વર્ગો ગોઠવે છે.

આજે STEM (Science, technology, engineering and mathematic) એજ્યુકેશન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આવું વિજ્ઞાન, ટૅક્નૉલૉજી, એન્જિનિયરિંગ અને ગણિતના વિષયોનું તાત્ત્વિક શિક્ષણ અનિલની નિશાળ IPSFRIમાં અપાય છે, પણ એ સાથે વિદ્યાર્થીઓના કૌશલ્ય-વિકાસ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. બાળકની કક્ષા પ્રમાણે આ ચારેય વિષયોનું જુદાં જુદાં સ્વરૂપે શિક્ષણ આપવાનો અનિલનો અભિગમ રહ્યો છે. આજે નગરો અને મહાનગરોમાં ‘સ્ટેમ એજ્યુકેશન’ લોકપ્રિય છે. નગરજનો પોતાનાં બાળકોને આમાં પારંગત બનાવવા માટે આતુર હોય છે, ત્યારે અનિલ પ્રધાને વિચાર કર્યો કે ગ્રામવિસ્તારનાં બાળકો પણ સ્ટેમ એજ્યુકેશનથી વંચિત રહેવાં જોઈએ નહીં.

એણે પોતે અંગત રીતે વર્તમાન શિક્ષણપદ્ધતિમાં જેવો સંઘર્ષ વેઠ્યો હતો, તેવો સંઘર્ષ ગ્રામવિસ્તારનાં બાળકોને સહેવો ન પડે અને વિના અવરોધે બાળકોની સંશોધન સૂઝ ખીલતી રહે તે માટે અનિલ પ્રધાને શિક્ષણની એક નવી દિશા ખોલી આપી છે. જેના કેટલાક અભિનવ શૈક્ષણિક પ્રયોગો વિશે હવે પછી જોઈશું.

**– કુમારપાળ દેસાઈ**

# જાગીએ, સમજીએ અને જીવનને બચાવીએ !

સૃષ્ટિના પ્રારંભકાળથી જ માનવી સામે જીવન ટકાવી રાખવા માટે અનેક પડકારો આવતા રહ્યા છે. માણસે પોતાની બુદ્ધિશક્તિ અને આવડત દ્વારા ભૌતિક તત્ત્વોનો ઉપયોગ કરીને પોતાની જિંદગીને વધારે આરામદાયક અને આનંદપ્રદ બનાવવા સતત પ્રયત્નો કર્યા છે. નવજાગરણ અને ધાર્મિક સુધારણા સાથે યુરોપના પ્રૉટેસ્ટન્ટ સંપ્રદાયની માન્યતાઓમાં એક માન્યતા હતી, 'મનુષ્ય ઈશ્વરની પ્રતિકૃતિ છે, તેનું શ્રેષ્ઠ સર્જન છે અને કુદરતી સાધનોનો તે સંપૂર્ણ માલિક છે.' જેમ જેમ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીની ક્ષિતિજો વિસ્તરતી ગઈ, તેમ તેમ માણસે પ્રાકૃતિક પરિબળો સામે ઝઝૂમીને કે તેનાથી રક્ષિત રહીને સમગ્ર સૃષ્ટિ પર પોતાનું આધિપત્ય જમાવવામાં છેલ્લાં ૩૦૦-૩૫૦ વર્ષોમાં પાછું વાળીને જોયું નથી.

૧૯મી સદીમાં જહૉન રસ્કિન, હેનરી થોરો, લિયો ટૉલ્સ્ટૉય, મહાત્મા ગાંધી સહિત અનેક લોકોએ આ સ્થિતિનાં ભયસ્થાનો પ્રત્યે આપણું ધ્યાન દોર્યું હતું. વિકાસ એટલે ભૌતિક સંપત્તિ, વસ્તુઓનો પરિગ્રહ, અમર્યાદ ઉપભોગ અને ઇચ્છાપૂર્તિ માટે વિશેષ સવલતો અને સાધનો શોધી જીવનની ગુણવત્તા સુધારવી, શ્રમ ઘટાડવો અને જીવનના અલ્પ સમયને ગતિ સાથે ભરપૂર માણી લેવો. આજે પણ આ વ્યાખ્યાના આધારે દેશોનું વિકસિત હોવું કે અવિકસિત છે, એ નક્કી કરવામાં આવે છે. ગાંધીજીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી, 'આ સૃષ્ટિ પાસે સૌની જરૂરિયાતો પૂરી કરવા પૂરતું છે, પણ કોઈ એકના લોભને સંતોષવા માટે પૃથ્વીનાં સંસાધનો અપૂરતાં છે.'

વિકાસની ઝડપી દોટમાં 'માણસે કર્યો ના અન્યનો વિચાર, સ્વસુખાર્થે કર્યો સૃષ્ટિનો સંહાર, સૃષ્ટિએ તેથી સમતુલા ગુમાવી, તેથી તો નવી નવી આફતો આવી.'

આ એક મહાઆફતને આપણે ઋતુચક્ર પરિવર્તન (ક્લાઇમેટ ચેન્જ) તરીકે ઓળખીએ છીએ. કૃષિ, કારખાનાંઓ, વાહનો, વિમાનો, વીજળી ઉત્પાદન મથકો, પ્લાસ્ટિક અને હાઇડ્રોકાર્બનના અતિ વપરાશને કારણે પૃથ્વી પરના તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે.

ધ્રુવપ્રદેશની બરફની ચાદરો પીગળી રહી છે. સમુદ્રના જળની સપાટી ઉપર આવી રહી છે. ઠંડી, ગરમી, વરસાદના ઋતુચક્રમાં માનવસર્જિત અંતરાયો, વાવાઝોડાં, અતિવૃષ્ટિ, પૂર, અતિશય ગરમી કે ઠંડીના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. જાનમાલની મોટી ખુવારી થાય છે.

યુનાઇટેડ નૅશન્સે આ માટે ફ્રેમવર્ક કન્વેન્શન ઑન ક્લાઇમેટ ચેન્જ નામની (સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઋતુચક્ર પરિવર્તનની સમજૂતી પ્રમાણે કાર્ય કરતી સંસ્થા) સંસ્થા સ્થાપી છે. સ્ટૉકહોમ પ્રોટોકૉલ ૧૯૭૨થી માંડીને ચાલતી પૅરિસ કૉન્ફરન્સ ઑફ પાર્ટિસિપેન્ટિંગ સ્ટેટ્સ COP 26 (ટૂંકા નામે)નું આયોજન કરવામાં આવે છે. તેનું ૨૬મું




સંમેલન તાજેતરમાં ગ્રેટ બ્રિટનના ઉત્તરી પ્રાંત સ્કોટલૅન્ડની રાજધાની ગ્લાસગોમાં મળી ગયું. અમેરિકાના પ્રમુખ જો બાઈડેન, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક દેશોના વડાઓએ તેમાં ભાગ લીધો. જ્યારે જ્યારે COPનાં સંમેલનો યોજવામાં આવે છે, ત્યારે પર્યાવરણક્ષેત્રે સક્રિય એવી સ્વૈચ્છિક સંસ્થાઓ અને કર્મશીલો તે જગ્યાએ જ સમાંતર સભા યોજી, પર્યાવરણનો બેરોકટોક ચાલતો બગાડ અને સરકારોના અધકચરા પ્રયત્નો ઉજાગર કરે છે. તેઓનું માનવું છે કે કોઈ પણ દેશ પર્યાવરણની સુરક્ષા કે સુધારણા માટે ગંભીર નથી. માનવજાતને વિનાશના મુખમાં ધકેલવામાં સરકારો અને મૂડીવાદીઓની સાંઠગાંઠ છે. પર્યાવરણવિદો અને પ્રતિબદ્ધતા ધરાવતી વ્યક્તિઓ કહે છે, 'આપણે આટલું મોટું જોખમ સામે જોઈએ છીએ, આપણા માની લીધેલા વિકાસની આડઅસરોએ ગંભીર સમસ્યાઓ પેદા કરી છે, પણ આપણે સૌ એ ભય સામે શાહમૃગની નીતિ અપનાવીને તેનાથી બચવા રેતીમાં માથું સંતાડીને સમસ્યાની ઉપેક્ષા કરીએ છીએ.'

COP 26માં હાજર રહેલા દેશોએ શપથ લીધા છે કે ૨૦૩૦ સુધીમાં કાર્બન-ઉત્સર્જન ૫૦ ટકા સુધી ઘટાડીશું. આ પ્રતિજ્ઞા આવકાર લાયક છે. જોકે જાણીતા પર્યાવરણ તજ્જ્ઞ ગ્રેહામ મેડગેનું કહેવું છે, 'આજથી આપણે કાર્બન-ઉત્સર્જન સાવ બંધ કરીએ, તોપણ ૨૦૩૦ પહેલાં કોઈ નોંધપાત્ર લાભ થશે નહીં. ઋતુઓની વિષમતા ઘટાડવા માટે પ્રદૂષણ રોકવા ઉપરાંત આપણે ઘણી લાંબી મજલ કાપવાની છે. કાર્બન-ઉત્સર્જન ઘટાડવા માટે કાર્બન ક્રૅડિટની યોજનાનાં પ્રોત્સાહનો અપૂરતાં સાબિત થયાં. જોકે પૅરિસ સંધિ બાદ નવા કોલસા આધારિત વીજમથકો ન સ્થાપવામાં અનેક દેશોએ સંયમ દર્શાવ્યો છે. વીજમથકોનાં પ્રદૂષણ જેવી જ સમસ્યા વિમાનો અને વાહનો થકી થતા પ્રદૂષણની છે. ભારતનાં ૨૬ મોટાં શહેરોમાં ઠંડીની ઋતુમાં કાર્બનના સૂક્ષ્મ કણો શ્વસનતંત્રના રોગોમાં નોંધપાત્ર વધારો કરે છે. ક્રૂડ ઑઈલનું સૌથી મોટું ઉત્પાદક સાઉદી અરેબિયા કે સૌથી વધારે કુદરતી ગૅસનું વેચાણ કરતા રશિયાએ કાર્બન-ઉત્સર્જન ઘટાડવા માટે કોઈ હૈયાધારણ આપી નથી.

ઋતુચક્રને દૂષિત કરનારાં પરિબળોમાં વૃક્ષોનું આડેધડ થતું નિકંદન રોકવાનું કામ મહત્ત્વનું છે. બ્રાઝિલે તાજેતરમાં મોટા પાયે એમેઝોનનાં ગાઢ વરસાદી વનોને કાપી નાખ્યાં. હવે 'સો ચૂહે મારકે બિલ્લી, હજકો ચલી' જેમ હવે બ્રાઝિલે - અમે વનવિસ્તાર જરા પણ કપાવા નહીં દઈએ - તેવું વચન આપ્યું છે. વૃક્ષારોપણ દ્વારા કાર્બનડાયૉક્સાઇડ કુદરતી રીતે ઘટાડવો તે સૌથી સરળ અને અસરકારક માર્ગ છે. જરૂર છે સરકારોની દૃઢ ઇચ્છાશક્તિની, સામાજિક જાગૃતિની અને વ્યક્તિગત નિષ્ઠાની. શ્રી સોમનાથ ટ્રસ્ટે આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણીના ભાગ રૂપે ગીર-સોમનાથ જિલ્લાની ૧૧ લાખની વસ્તી માટે દર વ્યક્તિએ એક વૃક્ષ લેખે ૧૧ લાખ વૃક્ષોનાં વાવેતરનો કાર્યક્રમ જનભાગીદારીમાં આરંભ્યો છે.

આ ગંભીર સમસ્યા માટે કાર્બનડાયૉક્સાઇડ જેટલો જ ખતરો કૃષિ પશુપાલનના કચરામાંથી ઉત્પન્ન થતા મિથેન ગૅસનો છે. મિથેન ગૅસનું ઉત્સર્જન ઘટાડવામાં તેનો વપરાશ રાંધણ ગૅસ તરીકે સહેલાઈથી કરી શકાય છે.

બ્રિટનના 'ગાર્ડિયન' નામના અખબારની પર્યાવરણ-સુરક્ષા માટેની પ્રતિબદ્ધતા જાણીતી છે. તેમણે **COP-26**ના અનુસંધાને અપીલ કરી છે કે પર્યાવરણ અંગેનાં વચનો દરેક દેશ નિષ્ઠાપૂર્વક પાળે અને સ્વતંત્ર તપાસમાં પૂરતો સહયોગ આપે, તો જ પરિસ્થિતિ સુધરશે. આપણે અત્યારે તો એક મોટી દુર્ઘટનાના માર્ગે ઝડપથી જઈ રહ્યા છીએ. આપણી પેઢી જો આ અંગે ઉપેક્ષા સેવશે, તો ભાવિ અંધકારમય બનશે તે દીવા જેવું સ્પષ્ટ છે. કમનસીબે અમેરિકાના પૂર્વપ્રમુખ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, પર્યાવરણની ચિંતા, એ કહેવાતી હોનારત તદ્દન ઉપજાવી કાઢેલી વાર્તાઓ છે. તેમણે પર્યાવરણની સંપૂર્ણ ઉપેક્ષા કરી, તે માટે તેમના અનુગામી પ્રમુખ શ્રી જો બાઈડેને વિશ્વની માફી માગી હતી અને આને કારણે વિલંબ અને હાનિ થયાં છે, તે શક્ય તેટલું વહેલા ભરપાઈ કરવા વચન આપ્યું છે.

પર્યાવરણની સુરક્ષા અને સુધારણા માટે દરવર્ષે COP તેની બેઠકો યોજતું રહેશે. વૈશ્વિક ઉષ્ણતામાન ઘટાડવા માટે આપણને નથી તો કોઈ સંમેલનની જરૂર કે નથી કોઈ વચનોની લ્હાણી કરવાનો અર્થ. આપણે જ્યાં સુધી આપણી અમર્યાદ ઉપભોગ વૃત્તિને નાથવાનો સંકલ્પ સાકાર નહીં કરીએ, ત્યાં સુધી કુદરતી સમતુલા સ્થાપવી અઘરી જ નહીં, બલ્કે લગભગ અશક્ય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના પૂર્વમહાસચિવ બાન-કી-મૂનનું મંતવ્ય : 'ઋતુચક્ર પરિવર્તનને રોકવાનું કામ અતિ તાકીદનું છે. આપણે જેટલો વિલંબ કરીશું તેટલું જાન-માલનું નુકસાન વેઠવાનું રહેશે.' દક્ષિણ આફ્રિકાના રંગભેદ વિરોધી નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા બિશપ ડેસમન્ડ ટુટુની ચેતવણી છે, 'આપણે બહુરાષ્ટ્રીય કંપનીઓ અને સંપન્ન દેશોની સરકારની વાતમાં આવી ન જવું. આપણને જૈવિક ઈંધણનું વ્યસન છે. તે નહીં છોડીએ તો આવતીકાલ જોવાનું માણસજાતનું નસીબ નહીં હોય.' COP 26 આપણને સંદેશો આપે છે કે જાગીએ, સમજીએ અને ઋતુચક્રનું પરિવર્તન રોકવા આપણી જીવનશૈલીમાં ધરખમ પરિવર્તન લાવીએ.

**– પ્રવીણ ક. લહેરી**

# અક્રમ વિજ્ઞાન



દાદા ભગવાન

આ વિરાટ બ્રહ્માંડમાં અસંખ્ય જીવો કર્મની ખેપે નીકળી પડ્યા છે. મનુષ્યદેહ ધારણ કરીને સહુ કોઈ સાટાં-દોઢાં કરવા મંડી પડે છે, પણ અમૂલખ વસ્તુ કોના હાથમાં આવે છે ? જેના હાથમાં 'ખરચૈ ન ખૂટે, વાકો ચોર ન લૂંટે' એવી દોલત ગાંઠે બાંધે છે તે જગતના બજારમાંથી જીતનો ડંકો વગાડીને ઊપડી જાય છે. આવા જ 'દાદા ભગવાન' નામે ઓળખાયેલા જ્ઞાની પુરુષ પોતાનો અમૂલખ વારસો એમને જે મળ્યા તેમને છુટ્ટે હાથે આપીને ન્યાલ કરી ગયા.

મૂળમાં ચરોતરના આણંદ જિલ્લાના ભાદરણ ગામના અંબાલાલ મૂળજીભાઈ પટેલ(એ. એમ. પટેલ)નો જન્મ કારતક સુદ ૧૪, ઈ. સ. ૧૯૦૮માં થયેલો. સ્વભાવે ટીખળી અને ખુમારીવાળા હતા. ખુમારીને લીધે જીવનને નિરંતર ઉલ્લાસભર્યું કરવાની ખોજ કરવામાં ખૂંપ્યા અને ટીખળને લીધે એમણે સ્વતંત્રપણે આનંદ માણ્યો. સ્વસ્વરૂપની અવિરત ખોજના પરિણામે તેઓશ્રીના હૃદયમાં ૧૯૫૮માં પરમ ચેતનનું પ્રાકટ્ય થયું. એ જ્ઞાનપ્રકાશ 'દાદા ભગવાન'ની સંજ્ઞાથી ઓળખાયો.

પોતાની મહીં 'દાદા ભગવાન' પ્રગટ્યા પછી તેઓશ્રી પણ તે રૂપ બની રહ્યા. શરીર છતાં અશરીરી ભાવે તેઓશ્રી સર્વજ્ઞ અને સર્વ સામર્થ્ય સાથે વિચર્યા. તેઓશ્રીના હૃદયમાં પ્રગટેલા ભગવાનના પરમ સામર્થ્યથી હજારો જીવાત્માઓને તેમણે આત્માભિમુખ કર્યા. તેઓશ્રી દ્વારા સિદ્ધ થતું આવું પરિણામ એ અક્રમ વિજ્ઞાનને આભારી છે. પોતે અક્રમ વિજ્ઞાની છે અને જગતકલ્યાણના નિમિત્ત બનીને પ્રત્યક્ષ વિહરે છે એમ તેઓશ્રીએ સ્પષ્ટ જણાવ્યું છે. ૧૯૬૨થી ૧૯૮૮ સુધીમાં આ અક્રમ વિજ્ઞાની પુરુષે દેશ-વિદેશના હજારો જીવાત્માઓમાં ગૂઢ અને અનુભવમૂલક આત્મજ્ઞાન પ્રતિષ્ઠિત કર્યું છે. પોતાના શુદ્ધાત્મા સ્વરૂપનો સ્પર્શ પામેલા આવા જીવાત્માઓ 'મહાત્મા'ની સંજ્ઞાથી ઓળખાય છે.

પૂજ્યશ્રીનો દેહવિલય તા. ૨-૧-૧૯૮૮ના રોજ થયો, એ પૂર્વે પૂજ્યશ્રીનું સામર્થ્ય અતિસૂક્ષ્મ રીતે, અપ્રત્યક્ષ રહીને, સૂક્ષ્મનિમિત્તથી સક્રિય બન્યું હતું. તેઓશ્રીએ સ્પષ્ટ કહ્યું હતું કે 'હું વિજ્ઞાનસ્વરૂપ છું.' એનો મર્મ એ છે કે ભેદક વિધિ તેઓ પ્રત્યક્ષ રહીને કરતા હતા એ હવે અપ્રત્યક્ષ રહીને પણ કરી શકે છે. જીવાત્માની એ માટેની તત્પરતા જોઈએ. પૂજ્યશ્રીએ દેહ ધારણ કરેલો હતો, ત્યારના નૈમિત્તિક સંજોગો અને દેહવિલય પછીની 'વિજ્ઞાનસ્વરૂપ'ની સ્થિતિના સંજોગો જુદા છે. તેઓશ્રીનો ક્ષરદેહ વિલય પામ્યો છે, પરંતુ તેઓશ્રીનો અક્ષરદેહ(પરમ પ્રેમવાણી) ઓડિયો, વીડિયો અને 'આત્મવાણી' ગ્રંથમાળા રૂપે આપણી સન્મુખ છે.

જે હૃદયમાં 'દાદા ભગવાન' પ્રગટ થયા ત્યાંથી પ્રગટેલી આ પૂજ્યશ્રીની વાણી છે. આ વાણીમાં કોઈ વિચાર કે બૌદ્ધિક આભાસ યા તર્કયુક્તતા નથી. આથી તેઓશ્રીની વાણીમાં શાશ્વતી અર્થ છે. એમાં આત્માનો નાદ છે તેથી એ શબ્દ વાંચનારને પણ એ શબ્દ સંભળાતો હોય એવો અનુભવ થાય છે અને એ શબ્દનો સ્પર્શ સીધો જ હૃદયને થાય છે. એમાં રહેલો અંતરાશય અનાયાસે આત્માને જાગૃત કરે છે. પૂજ્યશ્રીના શબ્દની આ શક્તિ દ્વારા સાંભળનાર કે વાંચનાર જીવન વિશેની સમજણનો અલૌકિક પ્રકાશ પ્રાપ્ત કરે છે.

દાદાશ્રીએ પ્રબોધેલ અક્રમ વિજ્ઞાન એ કોઈ મત, ગચ્છ, સંપ્રદાય, પક્ષપાતરહિત આત્યંતિક મુક્તિની મંજિલ નક્કી કરવાનું સહજ, સરળ આંતર-વિજ્ઞાન છે. ક્રમમાર્ગમાં જ્ઞાન, ભક્તિ, યોગ, સદાચાર, ત્યાગ-તપસ્યા વગેરે દ્વારા ક્રમે ક્રમે વર્તન બદલીને આગળ જવાનું હોય છે, જ્યારે અક્રમ વિજ્ઞાન વર્તન બદલવા ઉપર ભાર મૂકવાને બદલે માન્યતા, દૃષ્ટિકોણ અને સમજણમાં બદલાવ લાવવામાં સ્વયં ક્રિયાકારી છે. આ વિજ્ઞાન ખોટી, ભ્રાંત માન્યતાઓને હટાવીને સાચા રસ્તે, સાચી રીતે પોતાના સુખ(આનંદ) અને પોતાની આઝાદીને મેળવવાની અણમોલ તક આપે છે. લૌકિકની અવગણના કે ઉપેક્ષા આ વિજ્ઞાન કરતું નથી, પરંતુ લૌકિકને યથાર્થ સ્વરૂપમાં ખુલ્લું કરી આપે છે. પરિણામે આપણે જીવનને, સંસારને તેમજ વ્યવહારને એના યથાયોગ્ય રૂપમાં જોઈ શકીએ છીએ. આ વિજ્ઞાનની બીજી વિશેષતા એ છે કે એમાં રોજિંદા જીવનનો સ્વીકાર છે. સંસાર-વ્યવહારની, જીવન-વ્યવહારની ભૂમિકા સ્વીકારવામાં જ્ઞાનદૃષ્ટિ છે. આ જ્ઞાનદૃષ્ટિ સ્વીકારવાથી 'ધર્મ', 'ભગવાન' કે 'મોક્ષ'ની વાત બાજુએ રાખીએ તોપણ આપણું જીવન સુખરૂપ બની શકે છે.

માણસમાત્ર જીવનને સુખમય બનાવવા ઈચ્છે છે, છતાં એ બનાવી શકતો નથી. વસ્તુતઃ સંસાર દુઃખ ભોગવવા માટે છે જ નહિ, પણ જીવન વિશેની અને સંસાર વિશેની અણસમજથી સૌ કોઈ દુઃખ ભોગવે છે. જીવનને સુખમય બનાવવા માટે પોતાની જરૂરિયાતો મર્યાદિત રાખવા અને પોતાને કુદરતના ગેસ્ટ-મહેમાન રૂપે સ્વીકારવાની વાત દાદાશ્રીએ કરી છે. મહેમાન જેમ વિનયથી વર્તે છે, કોઈને હેરાન-પરેશાન કરતા નથી, દુઃખ આપતા નથી, તેમજ બીજાનું સુખ જોઈને દુઃખી થતા નથી, એવી રીતે જીવવાની રીત સ્વીકારવી જોઈએ. 'પારકા ખાતર જીવવું' એ ભારતીય સંસ્કૃતિની પરંપરા છે. પશુ, વૃક્ષ વગેરે બીજાં ખાતર જીવે છે, છતાં 'મેં કર્યું' એવો કર્તાભાવ રાખતાં નથી. માણસના દુઃખનું મૂળ 'કર્તાભાવ'માં રહેલું છે.

વ્યવહારમાં પરસ્પરનો ઋણાનુબંધ છે. ઋણાનુબંધની સૂક્ષ્મતા સમજાય તો આપણાં મોટા ભાગનાં દુઃખોનું નિવારણ થઈ જાય. ઋણાનુબંધમાં આપણે ચૂકવનારા બનીએ છીએ. કોઈ આપણને દુઃખ આપતું જ નથી. આપણો જે પ્રકારનો જે વ્યક્તિ સાથે હિસાબ છે એ મુજબ આપણે ચુકવણી કરવાની છે. જે કાંઈ બને છે તે બધું જ 'વ્યવસ્થિત શક્તિ' નામની કુદરતી રચનાને આધીન છે. 'વ્યવસ્થિત'ના જ્ઞાનનો સ્વીકાર કરવાથી આપણા જીવનની ઘણી સમસ્યાઓ હળવી બની જાય છે.

અક્રમ વિજ્ઞાન દ્વારા દાદાશ્રીએ જીવનની સમસ્યાઓના જે સરળ, સ્પષ્ટ અને સચોટ ફોડ પાડ્યા છે તેમાં આ વિજ્ઞાનનું રહસ્ય ખુલ્લું થાય છે. જેમ કે -

* તમે આત્મ-સાક્ષાત્કાર ઈચ્છતા હો કે નહીં પણ એક સત્યને બરાબર સમજી લો

કે તમારે સમસ્યા ઊભી કરવાની નથી, તેનો ઉકેલ લાવવાનો છે. તમને સુખી થવાનો અધિકાર છે, પરંતુ અન્યના સુખને ભોગે નહીં જ.

* પરમાત્મા સર્વવ્યાપ્ત છે, એ જીવમાત્રમાં બિરાજેલા છે, પરંતુ મનુષ્યે બનાવેલા પદાર્થોમાં નથી. જો એ દરેક જીવમાં વ્યાપ્ત હોય તો તમે કોને સજા કે ઈજા કરશો ? કોને દુઃખ દેશો ?

* ભગવાન તો છે નિષ્પક્ષપાતી અને આપણે બધા છીએ પક્ષપાતી, તો પછી ભગવાન સાથે આપણું અનુસંધાન કેવી રીતે થાય ?

* આંતર-ખોજ કરો. તમે જાણતાં કે અજાણપણે કોઈને દુઃખ દીધું હોય તો એનો સ્વીકાર કરી લો, પસ્તાવો કરો, ક્ષમા માગો અને આવી ભૂલ ફરીથી નહીં કરો -એવી પ્રતિજ્ઞા લો.

* જગત તમારું જ પ્રતિબિંબ છે. તમે ભૂતકાળમાં કરેલ કર્મોનો એ પરિપાક છે. તમે વાવેલાં બીજનો એ ફાલ છે. બહુ વિનમ્રતાથી એને સ્વીકારી લો એમાં તમારી શોભા છે.

* આપણે કોઈને સુધારવા માટે આવ્યા નથી. આપણે તો કર્મની ચુંગાલમાંથી છૂટવા માટે આવ્યા છીએ. આથી 'એડજસ્ટ એવરી વ્હેર.'

* સંયોગો બદલાયા કરે છે. એ આવ્યા હશે એ જ પ્રકારે જતા રહેશે. એમાં દુઃખી ના થવાય.

* નિયમોની ચૂંથાચૂંથમાં સમય બરબાદ ન કરો. સમાધાન કરતાં શીખો. જેટલા નિયમો હશે એટલા અપવાદો પણ હોવાના જ. માટે નિયમો સ્વીકારી લો.

* જેમ તમારા ઘરનાં વાસણ સાફ કરો છો અને બીજાનાં કરતા નથી તેવી રીતે પોતાના દોષોને સાફ કરો, બીજાના દોષોને નહિ.

* વિજ્ઞાનનાં સંશોધન કરવામાં કુદરતી નિયમોનો ભંગ ન કરો. કુદરતને આધીન રહીને કામ કરો. કુદરતનો ક્રમ વિક્ષેપ ન પામે એની જવાબદારી સમજવી જોઈએ. માણસ મુક્ત રીતે વિચરવા અને વર્તન કરવા હકદાર છે પણ એ બધામાં હેતુ સમગ્ર માનવજાતનું કલ્યાણ હોવો જોઈએ અને એમાં ક્યાંય કર્તાભાવ(મેં કર્યું)નો અહંકાર હોવો જોઈએ નહીં.

દાદાશ્રીએ પ્રબોધેલું આ વિજ્ઞાન 'હૉલિસ્ટિક સાયન્સ' છે; કેમ કે, એમાં 'ઈનર સાયન્સ' છે અને 'આઉટર સાયન્સ' પણ છે. અંતઃકરણની એ વાત કરે છે અને વ્યવસ્થિત વિજ્ઞાનની પણ વાત કરે છે. આત્માની એ વાત કરે છે અને રોજ-બ-રોજના રોજિંદા જિવાતા જીવનની પણ વાત થાય છે. ધર્મની પણ વાત કરે છે અને નર્યા અધ્યાત્મવાદની પણ વાત આમાં છે. એ દરેક ધર્મ-સંપ્રદાયોને આવરી લે છે અને એકેય ધર્મ-સંપ્રદાયને નકારતા નથી. આ જ છે અક્રમ વિજ્ઞાનનું હાર્દ. બધી જ રીતે સર્વસ્પર્શી, સર્વવ્યાપી અને સર્વને સંપૂર્ણ રીતે સમજાવતું આ વિજ્ઞાન છે !

દાદા ભગવાને પ્રબોધેલ આ વિજ્ઞાન-વારસાને સમજવાથી જે સૂઝ અને સમજણ પ્રાપ્ત થાય છે, તેનાથી મન, વાણી અને કાયા સહજ બની જાય છે, કર્તાપણાનો ખ્યાલ અદશ્ય થઈ જાય છે, પોતાના આત્માનું સાચું સ્વરૂપ સાચી રીતે સમજાઈ જાય છે અને મન, વાણી અને કાયાનાં બંધનો અદશ્ય થઈ જાય છે, તેની સાથે મુક્તિ અનુભવાય છે.

**— પ્રવીણચંદ્ર પરીખ**

# મારી વાચનકથા

'ગ્રંથાલય સપ્તાહ'ની ઉજવણી નિમિત્તે આપણે મળ્યાં છીએ. પોણા બે વરસના કોરોનાસર્જિત ગુપ્તવાસ પછી પહેલી વાર આ રીતે મળવાનું થયું છે. અત્રે ઉપસ્થિત આપ સૌનું અને ફેસબુક પર આ કાર્યક્રમ નિહાળનારાં સૌનું અભિવાદન કરું છું.

ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના મંગલ પ્રારંભે ગ્રંથાલયની ગૌરવગાથા કરતા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવાની તક મને મળી એ માટે 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'નો તથા વિશ્વકોશ ટ્રસ્ટના હૃદય સમા કુમારપાળભાઈ દેસાઈનો આભારી છું.

આવા પ્રદર્શનના ઉદ્‌ઘાટક તરીકેની મારી કોઈ વિશેષ યોગ્યતા હોય એમ હું માનતો નથી, પણ પુસ્તકોને હૃદયપૂર્વક ચાહનારાંઓમાંનો હું એક છું, એટલી યોગ્યતાના આધારે આ ઉદ્‌ઘાટન કરવાની હિંમત કરી છે.

પ્રાથમિક શાળાના ચોથા ધોરણથી મને પુસ્તકનું વળગણ થયું હતું. આનંદશંકર ધ્રુવ પોતાનાં શાલેય પાઠ્યપુસ્તકોને પોતાનાં 'નાનપણનાં સાથી' તરીકે ઓળખાવે છે. ગુજરાતી ચોથા ધોરણ માટે નિયુક્ત થયેલું પાઠ્યપુસ્તક 'સૌરાષ્ટ્ર વાંચનમાળા' નાનપણનું મારું પહેલું સાથીદાર. આ સાથીદાર સાથે મારો સત્સંગ સતત ચાલ્યા કરતો. પાઠ્યપુસ્તકના પાઠો વારંવાર વાંચ્યા કરું. 'કાવ્ય' શબ્દ તો ત્યારે અજાણ્યો હતો, પણ એ પાઠ્યપુસ્તકની કવિતાઓનું જાતે સ્વરાંકન કરી હું મોટે મોટેથી ગાયા કરતો. બા બહુ રસપૂર્વક મને સાંભળતાં એટલે હું બહુ સારું ગાઉં છું એવો વહેમ પણ મને પડેલો. બા તો કેવળ પુત્રપ્રેમને કારણે જ રસપૂર્વક સાંભળે છે એવી ખબર ઘણી મોડી પડી - એટલે આ વહેમ ઘણો લાંબો સમય જીવિત રહેલો.

પાઠ્યપુસ્તકોના પાઠો વારંવાર વાંચવાની ટેવ છેક દસમા ધોરણ સુધી ટકી રહેલી - આ પછી માત્ર અઢાર વર્ષની ઉંમરે પ્રાથમિક શાળાનો શિક્ષક થયો અને ગ્રૅજ્યુએટ થયા પછી માધ્યમિક શાળાનો શિક્ષક થયો. આ બંને કક્ષાએ મેં તેર વર્ષ ભણાવ્યું - યોગાનુયોગ એવો હતો કે ગુજરાતી વિષયનાં જે પાઠ્યપુસ્તકો હું ભણ્યો હતો એ જ પાઠ્યપુસ્તકો મારે ભણાવવાનાં થયાં. આ પછી 'ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ'માં ચોવીસ વર્ષ સુધી ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોના નિર્માણ સાથે સંકળાવાનું બન્યું. જે સાહિત્યકૃતિઓ હું ભણી ગયો હતો અને જે કૃતિઓ મેં ભણાવી હતી એમાંની મોટા ભાગની કૃતિઓ ફરી ફરી વાંચવામાં આવી. એ પછીના સમયની કેટલીક ઉત્તમ કૃતિઓનો પણ પાઠ્યપુસ્તકોના નિમિત્તે સંપર્ક થયો. આ કારણે ગુજરાતી સાહિત્યની ઉત્તમ સાહિત્યકૃતિઓનું પરિશીલન થતું રહ્યું. પાઠ્યપુસ્તકોનાં સંપાદન નિમિત્તે ઉત્તમ વિદ્વાનોનો સંસર્ગ થયો. આ કારણે સાહિત્યકૃતિનાં રસસ્થાનો અને મર્મસ્થાનોને સમજતો થયો.

પાંચમું કે છઠ્ઠું ધોરણ ભણતો હતો ત્યારે મારા મોટા ભાઈ હિંમતભાઈ એક વાર મને અમારા ગામ સાવરકુંડલાની જાહેર લાઈબ્રેરીમાં લઈ ગયા. નિશાળે જતાં ને નિશાળેથી પાછાં ફરતાં આ લાઈબ્રેરીનું મકાન રસ્તામાં આવતું. આ લાઈબ્રેરીના મકાન

પર લગાવેલું 'જાહેર લાઈબ્રેરી' બોર્ડ પણ દરરોજ જોતો. પણ 'લાઈબ્રેરી' કિસ ચિડિયાં કા નામ હૈ - એની ખબર નહોતી. પણ ભાઈ મને પહેલી વાર લાઈબ્રેરીમાં લઈ ગયા ત્યારે ભોંયરામાં કીમતી ખજાનો જોઈ અલીબાબા જેમ ચકિત થઈ ગયા હતા તેમ હું ચકિત થઈ ગયો હતો. ચોથા ધોરણના પાઠ્યપુસ્તકમાં અલીબાબાનો પાઠ આવતો હતો એટલે અલીબાબા સાથે ઓળખાણ થઈ હતી. મકાનની અંદર જઈને જોયું તો ઊભાં સ્ટૅન્ડમાં છાપાં ભેરવેલાં હતાં. નગરજનો ઊભા ઊભા છાપાં વાંચતા હતા. બે ટેબલ પર સામયિકો પડ્યાં હતાં. 'સામયિક' શબ્દ જોકે ઘણો મોડો જાણ્યો. એસ.એસ.સી. સુધી બધાં સામયિકોને 'માસિક' તરીકે ઓળખતો હતો - એ સાપ્તાહિક કે પાક્ષિક હોય તોપણ. પાંચસાત કબાટ ભરીને પુસ્તકો હતાં. કબાટનાં બારણાંમાં કાચ જડેલા હતા એટલે હારબંધ ગોઠવેલાં પુસ્તકો દેખાતાં હતાં. ભાઈએ બાલસામયિકોના ટેબલ પર બેસાડ્યો ને બાલસામયિક હાથમાં આપ્યું. બસ તે દિવસથી 'ગાંડિવ', 'રમકડું', 'બાલમિત્ર', 'બાલજીવન' વગેરે બાલસામયિકો સાથે ગાઢ દોસ્તી થઈ. 'ગાંડિવ'ના પાના પર બકોર પટેલ મળ્યા ને પહેલા મિલનથી જ બકોર પટેલ સાથે જનમોજનમનો સંબંધ બંધાઈ ગયો. ગાંડિવમાં બકોર પટેલની વાર્તાઓ ધારાવાહિક રૂપે આવતી હતી. 'ગાંડિવ'નો નવો અંક ન આવે ત્યાં સુધી બકોર પટેલની એની એ વાર્તા ફરી ફરી વાંચું. દરેક વખતે સરખી જ મજા પડે ! પછી બકોર પટેલની વાર્તાઓ પુસ્તકો રૂપે પ્રસિદ્ધ થઈ. ભાઈ લાઈબ્રેરીમાંથી આ પુસ્તકને ઘેર લઈ આવે ને મને વાંચવા આપે. પુસ્તક ઘરે લઈ આવવા માટે કંઈ પૈસા આપવા ન પડે - માત્ર ખાતું ખોલાવવા થોડા પૈસા ડિપૉઝિટ તરીકે આપવાના. 'ડિપૉઝિટ' એટલે શું એ સમજ્યો નહોતો. પણ પુસ્તકો સાવ મફતમાં ઘેર લાવી શકાય એવી વ્યવસ્થાથી મને ખૂબ નવાઈ લાગેલી. કારણ કે ખારી સિંગ કે બિસ્કિટ કે પીપરમિન્ટ લેવા જાઉં ત્યારે પૈસા આપવા પડતા હતા આ કારણે ઇચ્છા મુજબ 'ભાગ' લેવા જઈ શકાતું નહોતું. પણ પુસ્તકો ઇચ્છા મુજબ ઘેર લાવી શકાતાં હતાં. આ કંઈ જેવીતેવી બાદશાહી નહોતી ! બકોર પટેલનું પુસ્તક ઘેર આવે એટલે બા પાસે બકોર પટેલની વાર્તાઓનું મુખવાચન કરતો. બાની હાસ્યવૃત્તિ ઘણી સતેજ એટલે એમને આ વાર્તાઓ ખૂબ ગમતી. બા પાછાં એમની આગવી શૈલીમાં એ વાર્તાઓનું પુનર્કથન કરે. વાંચેલી વાર્તાઓ પણ બાના મોંએ ફરી સાંભળવાનું એટલું જ ગમતું. મારી હાસ્યવૃત્તિ ખીલવવામાં બકોર પટેલનું ઘણું મોટું યોગદાન છે. કવિ સુરેશ દલાલ કહેતા કે દરેક વ્યક્તિએ હૃદયના એક ખૂણામાં બકોર પટેલને ઉછેરવા જોઈએ. બકોર પટેલનું પાત્ર સરળ, નિષ્કપટ ને નિખાલસ ! સુરેશ દલાલનું કથન આ ગુણો કેળવવાના સંદર્ભમાં છે પણ બકોર પટેલ ઉતાવળા ને ભુલકણા પણ ખરા. એટલે નિર્દોષ ગરબડ-ગોટાળા પણ બહુ થાય. આ ગરબડ-ગોટાળાની વાર્તાઓ હાસ્યની છોળો ઉડાડે એવી છે. જીવરામ જોષીના 'મિયાં ફુસકી' અને તભા ભટના પાત્ર સાથે પણ એ દિવસોમાં ગાઢ આત્મીય સંબંધ બંધાયો હતો. છઠ્ઠું-સાતમું ધોરણ ભણતો હતો એ અરસામાં ભાઈ 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' દ્વારા પ્રકાશિત થયેલું પુસ્તક 'ભીમનાં પરાક્રમો' લઈ આવેલા. 'ભીમ'ના પાત્રના કારણે આ પુસ્તકમાં હાસ્યરસ કેન્દ્રસ્થાને છે. લેખકનું નામ ભૂલી ગયો છું, પણ એ વખતે આ પુસ્તક ત્રણચાર વાર વાંચેલું એ યાદ છે. એ પછી નાનાભાઈ ભટ્ટનાં પુસ્તકો 'રામાયણનાં પાત્રો' ને 'મહાભારતનાં પાત્રો' વાંચવાનાં થયાં એટલે સ્કૂલમાં હતો ત્યારથી જ 'રામાયણ' અને

‘મહાભારત’ની કથાથી સુપરિચિત થયો હતો. પ્રેમાનંદનાં આખ્યાનો વાંચ્યાં તો કૉલેજના અભ્યાસ દરમિયાન પણ સ્કૂલમાં ભણતો ત્યારે અમારા ગામના હરિશંકર બાપા પ્રેમાનંદનાં આખ્યાનો કરતા એ સાંભળ્યાં ને માણ્યાં હતાં. હારમોનિયમ અને તબલાં સાથે હરિશંકરબાપા આખ્યાનો એવી સરસ રીતે રજૂ કરતા કે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈને સાંભળતા. અમારા ગામના કાશીવિશ્વનાથ મહાદેવના મંદિરમાં કથાકારો કથા કરવા આવતા ત્યારે હું પણ બા સાથે સાંભળવા જતો. આ કારણે આપણી પૌરાણિક કથાઓનો પરિચય શાળાના અભ્યાસ દરમિયાન થયો હતો. ધોરણ ૫-૬-૭નાં વર્ષો દરમિયાન વાલ્મીકિરામાયણના આખા ગ્રંથનો ગુજરાતી અનુવાદ બાને વાંચી સંભળાવેલો. શ્રીમદ્ ભગવદ્ગીતાનો એક અધ્યાય સાંભળ્યા પછી જ જમવું એવો બાનો નિયમ હતો એટલે નિશાળેથી ૧૨ વાગ્યે આવીને દરરોજ બા આગળ એક અધ્યાય વાંચતો. પછી તો બા જાતે વાંચતાં શીખી ગયેલાં, તોપણ હું દરરોજ ગીતાપાઠ કરતો. અને તે પણ રોજના છ અધ્યાય ! આનું કારણ થોડું રમૂજી છે. ગીતાના મહાત્મ્યમાં એવું આવે છે કે ગીતાના છ અધ્યાય રોજ વાંચે એને છ હજાર વરસ સુધી ચંદ્રલોકનું રાજ્ય મળે ! છ હજાર વરસ ચંદ્રલોકના રાજા થવા માટે ઘણા વખત સુધી મેં દરરોજ ગીતાના છ અધ્યાયનો પાઠ કરેલો ! પણ આ બધામાં એટલો બધો સમય જતો કે ભણવાનું-વાંચવાનું રહી જતું. એટલે પછી કચવાતે મને ચંદ્રલોકનું રાજ્ય જતું કરવું પડ્યું ! અમેરિકાને ચંદ્ર પર ચડાઈ કરવાનો વિચાર આવ્યો એનાં દસ વરસ પહેલાં મેં ચંદ્રલોક પર રાજ્ય કરવાના મનસૂબા સેવેલા !

અમારી જાહેર લાઇબ્રેરીમાં એ સમયનાં બધાં જ સાહિત્યિક સામયિકો આવતાં. નવમા-દસમા ધોરણમાં ભણતો હતો, એ બે વર્ષ દરમિયાન ‘અખંડ આનંદ’, ‘નવચેતન’, ‘કુમાર’, ‘ગૃહમાધુરી’ (પછીથી એનું નામ ‘જીવનમાધુરી’ થયું.) ‘વિશ્વવિજ્ઞાન’, ‘આનંદ’, ‘ચેતન’ - આ બધાં સામયિકો પૂરેપૂરાં વાંચતો. સામયિકો ઉપરાંત પુસ્તકો ઘેર લઈ જઈને વાંચતો. મને વાર્તા-નવલકથાનાં પુસ્તકોમાં જ રસ પડતો. એક વાર ભાઈએ ગાંધીજીની આત્મકથા વાંચવા આપી. એ વખતે નવમું ધોરણ ભણતો હતો. ગાંધીજીની આત્મકથામાં પણ મને ઘણો રસ પડ્યો હતો. આત્મકથાની પારદર્શિતાથી હું ઘણો પ્રભાવિત થયો હતો. ‘પારદર્શિતા’ શબ્દ જોકે તે વખતે હું જાણતો ન હતો.

અમારી શેરીમાં ભીખ માગનારાંઓ આવતાં. બા બહુ પ્રેમપૂર્વક ખાવાનું કે અનાજ આપતાં. ભગવાને આપણને આપેલા રોટલામાં સૌનો ભાગ છે એમ એ માનતાં. પણ કોઈને ભીખ શા માટે માગવી પડે ? કોઈને ત્યાં લગ્નપ્રસંગ હોય ત્યારે એઠુંજૂઠું ખાવાનું મેળવવા કેટલાક લોકોને શા માટે ટળવળવું પડે ? — આવા પ્રશ્નો મને થતા. (આજેય એનો જવાબ મળ્યો નથી.) હું ભાઈને અને બાને આ પ્રશ્નો પૂછતો. બા પાસે તો કોઈ જવાબ નહોતો પણ ભાઈએ એક વાર ‘સમાજવાદ શા માટે ?’ પુસ્તક લાવી આપ્યું. જયપ્રકાશ નારાયણના પુસ્તકનો એ ગુજરાતી અનુવાદ હતો. જયપ્રકાશ નારાયણ વિશે હું કશું જાણતો ન હતો. ‘સમાજવાદ શા માટે ?’ પુસ્તક વાંચી તો ગયો પણ મને ઝાઝી સમજ પડી નહીં. ભાઈએ કહ્યું કે જયપ્રકાશજી આપણા દેશના મોટા નેતા છે - જવાહરલાલ નહેરુ જેવા. જયપ્રકાશજી દેશમાં સમાજવાદ લાવવા માગે છે. દેશમાં સમાજવાદ આવે તો બધાં પોતાની શક્તિ મુજબ કામ કરે ને બધાંને એમની જરૂરિયાત

પૂરતું મળી રહે - કોઈને ભીખ ન માગવી પડે. દેશમાં આવો સમાજવાદ આવે તો કેવું સારું ! - એવી લાગણી ત્યારેય થયેલી અને આજે પણ થાય છે.

સ્કૂલમાં ભણતો ત્યારે અમારા ગામના 'શ્રીકૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર'માં નિયમિત જતો. દેશી રમતોમાં ખૂબ રસ પડતો. વ્યાયામ મંદિરમાં એક નાના સરખા કબાટમાં કેટલાંક પુસ્તકો રહેતાં - નાનકડી લાઇબ્રેરી જ સમજો ને ! આ કબાટનાં બધાં પુસ્તકો મેં વાંચી કાઢ્યાં હતાં. એડગર રાઈસ બરોઝના ટારઝનની કથાના મૂળ પુસ્તકનો ગુજરાતી અનુવાદ મેં આ નાનકડી લાઇબ્રેરીમાંથી મેળવીને વાંચેલો.

હાઈસ્કૂલમાં ભણતો ત્યારે ઉત્તમ વાર્તા-નવલકથાઓનાં પુસ્તકોની સાથે સાથે જાસૂસી સાહિત્યનાં પુસ્તકો વાંચવામાં ખૂબ રસ પડેલો. ધનશંકર હી. ત્રિપાઠી, ચંદુલાલ જેઠાલાલ સોમૈયા, નાગરદાસ ઈ. પટેલ વગેરેનાં પુસ્તકો વાંચ્યાં હતાં. શેરલોક હોમ્સ કે પેરીમેસન જેવા ગુનાશોધકોનાં પુસ્તકો વિશે કશું ત્યારે જાણતો નહોતો - પણ આ પુસ્તકોની લખાવટ એટલી સરસ હતી કે પુસ્તક શરૂ કર્યા પછી પૂરું કર્યા વગર ચેન ન પડે. ડિટેક્ટિવ હરનામસિંહ, જયંત કે પેરીમેસનના ગુજરાતી અવતાર જેવું પાત્ર ચિત્રગુપ્ત વકીલ - આજેય યાદ છે. આ બધાં પુસ્તકોમાં નાગરદાસ ઈ. પટેલનાં ૨૦ પુસ્તકોનો સેટ વાંચવાની મને વિશેષ મજા પડી હતી. વાર્તા-નવલકથાનાં પુસ્તકોથી હૃદયની કેળવણી થયાનું અનુભવ્યું છે, પણ જાસૂસી સાહિત્ય વાંચવાથી બુદ્ધિની કેળવણી થઈ હોય કે તર્કશક્તિ ખીલી હોય એવું લાગતું નથી. એક વાર ટ્રેનની મુસાફરી દરમિયાન છાપામાં આવેલી જાસૂસી વાર્તા વાંચી રહ્યો હતો ત્યારે જ કોઈ મારા પેન્ટના ખિસ્સામાંથી દસ-દસ રૂપિયાની પાંચ નોટો સેરવી ગયું હતું.

રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં એસ.એસ.સી. પછી એક વર્ષ ભણ્યો ત્યારે કૉલેજની બાજુમાં જ આવેલા 'શ્રી રામકૃષ્ણ આશ્રમ'ની લાઇબ્રેરીનો પણ ઠીક ઠીક લાભ લીધેલો - ખાસ કરીને સામયિકોનું મારું વાંચન આ રીતે ચાલુ રહેલું.

હાઈસ્કૂલની, કૉલેજની અને પાઠ્યપુસ્તક મંડળની નોકરી દરમિયાન આ સંસ્થાઓની લાઇબ્રેરીનાં પુસ્તકો વસાવવામાં મેં ઘણો રસ લીધેલો. પુસ્તકઅવલોકનનું સામયિક 'ગ્રંથ' એ સમયે પ્રગટ થતું. 'ગ્રંથ'માં આવેલાં અવલોકનોના આધારે આ ત્રણેય સંસ્થામાં મેં પુસ્તકો વસાવેલાં. આમાંનાં બધાં તો નહીં, પણ ઠીક ઠીક કહેવાય એટલાં ઉત્તમ પુસ્તકો હું વાંચી શક્યો હતો.

ઘણાં વર્ષો પહેલાં મેં વાંચેલું કે સુરેશ દલાલ અને હરીન્દ્ર દવે પોતાના પગારના ૨૫ ટકા રકમનો ઉપયોગ પુસ્તકો ખરીદવામાં કરે છે. આ વાંચીને મને થતું કે હું પણ આ રીતે પુસ્તકો ખરીદી શકું તો કેવું સારું ! એક રૂમ-રસોડાવાળા મકાનમાં રહેતો હતો ત્યારે થતું હતું કે પુસ્તકો રાખવા માટે મારી પાસે અલાયદો રૂમ હોય તો કેવું સારું ! આજે ઈશ્વરકૃપાથી થોડાંક પુસ્તકો ખરીદી શકું છું ને પુસ્તકો રાખવા માટે અલગ રૂમની પણ સગવડ થઈ છે. મારા ગૃહપુસ્તકાલયમાં બેઠો હોઉં છું ત્યારે મંદિરમાં બેઠો હોઉં એવી અનુભૂતિ થાય છે.

**– રતિલાલ બોરીસાગર**

(ગુજરાત વિશ્વકોશભવનમાં આયોજિત ગ્રંથાલય સપ્તાહના
ઉદ્ઘાટન પ્રસંગે આપેલું વક્તવ્ય)

# ઈ-સંદેશાઓનું ઘોડાપૂર અને ઊર્જાના સુકાતા સ્રોત

ગયે મહિને આવેલી ૨૦૨૧ની દિવાળી વિશિષ્ટ હતી. કોવિડ-૧૯ મહામારીમાંથી થોડી કળ વળતાં એને લોકોએ અનેરા ઉત્સાહથી ઊજવી. આ દરમિયાન કોલસો ખલાસ થઈ જવાના સમાચાર આવ્યા અને પેટ્રોલ-ડીઝલના ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિલિટરને આંબી ગયા. આ બંને સમાચારે આવનારી ઊર્જા-કટોકટીનો અણસાર આપી દીધો છે. દિવાળી અને નૂતન વર્ષે વૉટ્સએપ પર શુભેચ્છા—સંદેશાઓનું ઘોડાપૂર આવ્યું. એક વ્યક્તિ તરફથી એક ઘરના બધા જ સભ્યોને શુભેચ્છા-સંદેશાઓ મોકલવાનો વૉટ્સએપનો રિવાજ બની ગયો છે. આમ એક ઘરમાં ચારથી પાંચ ગણા શુભેચ્છા-સંદેશાઓ ખડકાઈ ગયા. આમ પણ જ્યારથી સંદેશાવ્યવહારને સુલભ અને નિઃશુલ્ક કરતું વૉટ્સએપ આવ્યું છે, ત્યારથી ‘ગુડ મૉર્નિંગ’ અને ‘ગુડ નાઈટ’ના સંદેશા મોકલવાનો શિષ્ટાચાર આપણા દેશમાં ખૂબ જ વધી ગયો છે. આ સંદેશા પાછા જો નાનકડી વીડિયો ક્લિપ રૂપે કે ચિત્રો રૂપે હોય, તો વધુ પ્રશંસા પામે છે. તો વળી સમજ્યા વિના જ અને પ્રાપ્તકર્તાને ઉપયોગી છે કે નહીં તેની દરકાર રાખ્યા વિના ઢગલાબંધ સાચા-ખોટા સંદેશાઓને ઉત્તરોત્તર આગળ મોકલવામાં - ફૉરવર્ડ કરવામાં આપણે પાવરધા બની ગયા છીએ. જ્યારે રોજના સેંકડો નકામા સંદેશાઓ મળવા લાગે ત્યારે સ્વાભાવિક છે કે તેના પર ઊડતી નજર ફેરવીને રદ કરી દઈએ - ડિલિટ કરી દઈએ અને પછી તો નજર પણ ફેરવ્યા વગર ઈ-સંદેશાઓ રદ કરવાની ટેવ પડી જાય છે.

એકવીસમી સદીની આ ટેવને કારણે ઘણી વખત અગત્યનો ઈ-સંદેશો ચૂકી જઈ શકાય છે. આ તો ‘સૂકા સાથે લીલું બળે’ તેવો ઘાટ થયો. તેના નિવારણ રૂપે ઈ-સંદેશા અંગે ફોન કરીને પ્રાપ્તકર્તાને સાવધ કરવાનો થોડો રમૂજી શિષ્ટાચાર પણ કેટલાક લોકો આચરણમાં મૂકે છે. અરે હા, આ મહિનામાં નાતાલનો તહેવાર આવે છે અને ફરી પાછું નવું વર્ષ પણ ખરું. ફરી પાછી નિઃશુલ્ક સંદેશાઓની ત્સુનામી આવશે. તમને કદાચ એમ લાગશે કે ઊર્જા-કટોકટીની વાત કરતાં કરતાં પ્રસારમાધ્યમોના સંદેશાઓની વાત ક્યાંથી શરૂ થઈ ગઈ. આ તો વિષયાંતર થઈ ગયું, પરંતુ આ બંને બાબતને ઘનિષ્ટ સંબંધ છે. આ માટે મોબાઈલ સંદેશાવ્યવહારના માળખાનું ખપ પૂરતું વિહંગાવલોકન કરી લઈએ.

આપણે જાણીએ છીએ કે દરેક સંદેશાનું વીજસંકેતોના રૂપમાં પ્રસારણ થાય છે. પ્રવર્તમાન ડિજિટલ ટૅક્નૉલૉજી પ્રમાણે સંદેશાઓનું ૧ અને ૦ વીજસંકેતોમાં રૂપાંતર થઈ પ્રસારણ થાય છે. જોકે ૧ અને ૦ની લાંબી શ્રેણીનું સીધેસીધું પ્રસારણ નથી થતું, પણ તે અન્ય પ્રસારમાધ્યમ પર સવાર થઈને પ્રસારિત થાય છે. આ ટૅક્નૉલૉજીને ‘મૉડ્યૂલેશન’ કહેવામાં આવે છે અને તેને વિવિધ રીતે અમલમાં મૂકવામાં આવે છે.



આ એક જટિલ ટૅક્નૉલૉજી છે. આ લેખ પૂરતું આપણે વીજસંકેતોની અને તેને લઈ જતા પ્રસારમાધ્યમની જ વાત કરીશું. દરેક વીજસંકેત ઊર્જાનું વહન કરે છે. અલબત્ત, તે ખૂબ જ અલ્પ પ્રમાણમાં હોય છે. હવે, જે સંદેશાઓ મળે છે તે પણ આ જ રૂપમાં હોય છે.

સંદેશો શાબ્દિક હોય, ચિત્ર રૂપે હોય, ચલચિત્ર હોય કે પછી ધ્વનિ રૂપે હોય - તેનું પ્રસારણ વીજસંકેતો રૂપે થાય છે અને મળે છે પણ તે જ રીતે. વીજસંકેતોને આપણે સમજી શકીએ, તેવી રીતે મોબાઈલ ફોન પ્રસ્તુત કરે છે. આપણા મોબાઈલ ફોનમાંથી પ્રસારિત કરેલા વીજસંકેતો નજીકનાં મોબાઈલ ટાવર ઝીલે છે. દરેક મોબાઈલ ટાવરનું ક્ષેત્ર પૂર્વ નિર્ધારિત અને મર્યાદિત હોય છે. સંદેશામાં સામેલ સરનામા મુજબ આ મોબાઈલ ટાવર સંદેશાને બીજા ટાવર પર મોકલે છે. બીજું ટાવર ત્રીજા ટાવરને સંદેશો પાસ કરે છે. આમ કેટલાંક ટાવરો પરથી પસાર થઈને સંદેશો નિર્ધારિત મોબાઈલ ફોન પર પહોંચી જાય છે. કોઈ પણ બે સ્થાનો વચ્ચે દરેક વખતે એક જ માર્ગ પરથી સંદેશો પસાર થાય તે જરૂરી નથી. આ આખીય પ્રક્રિયા ખૂબ જ જટિલ છે. આ આખાય માળખામાં કોઈ પણ મોબાઈલ ટાવર કામ કરતું બંધ થઈ જાય તો પ્રસારણ પ્રણાલીમાં વિક્ષેપ પડે છે.

વાતાવરણમાં સંદેશાના પ્રસારણ દરમિયાન તેના પ્રસારમાધ્યમની ઊર્જા-માત્રામાં થોડો ક્ષય થાય છે. માની લો કે આવા ઓછી ઊર્જાવાળા નબળા સંદેશા પ્રસારમાધ્યમોને મોબાઈલ ટાવર આગળ મોકલી દે અને આ પરંપરા ટાવરથી ટાવર ચાલતી રહે, તો ઘણાં ટાવર પરથી પસાર થઈને અંતે નિર્ધારિત મોબાઈલ ફોનને મળતા સંદેશા નહિવત્ ઊર્જાવાળા બની જાય તે સ્વાભાવિક છે. આવા ઊર્જાવિહીન સંદેશામાધ્યમોને પકડવાનું આપણા મોબાઈલ ફોનનું ગજું નથી હોતું. આ રીતે તો સમગ્ર પ્રણાલી ઠપ્પ થઈ જાય. આ સમસ્યાના ઉકેલ રૂપે માધ્યમનું ઊર્જા-સ્તર ટકાવી રાખવું જરૂરી બની જાય છે.

સંદેશામાધ્યમનું ઊર્જા-સ્તર ટકાવી રાખવાનું કામ મોબાઈલ ટાવર કરે છે. ઊર્જા ક્ષયની આપૂર્તિ મોબાઈલ ટાવર કરે છે. તેનો અર્થ એ થયો કે મોબાઈલ ટાવર સતત ઊર્જાભૂખ્યું હોય છે. આ માટે તેને વીજઊર્જા આપવામાં આવે છે. કોલસા કે અન્ય

રીતે ઉત્પન્ન કરાતી વીજળીનો પુરવઠો જો ખોરવાઈ જાય તો ડીઝલ જનરેટર ચાલુ કરીને પણ વીજપ્રવાહ અસ્ખલિત રાખવામાં આવે છે. તદુપરાંત પ્રસારમાધ્યમ જ્યારે સંદેશા-સંકેતોનું વહન કરતું હોય ત્યારે મળેલા સંદેશાઓને યોગ્ય માર્ગે - યોગ્ય ટાવર પર વાળવાનું કામ પણ ટાવર કરે છે. આ પ્રક્રિયા માટે પણ ઊર્જાની જરૂર પડે છે. જો આપાત થતા પ્રસારણમાં સંકેતો ન હોય તો, એટલે કે કોઈ પણ પ્રકારનો સંદેશો ન મોકલ્યો હોય તો તેને મળતાં પહેલાં ટાવરને સંદેશાને યોગ્ય માર્ગે વાળવાની જરૂર ન રહે અને ઊર્જાની ખપત થોડી ઓછી થાય. તદુપરાંત આપાત થતા નબળા પ્રસાર-માધ્યમમાં ઊર્જા આપૂર્તિ કરવાની પણ જરૂર ન રહે.

ભારત સરકારના દૂરસંચાર વિભાગના ૨૦૧૯ના વર્ષના અહેવાલ મુજબ જુલાઈ, ૨૦૧૯ સુધીમાં ગુજરાતમાં કુલ ૩૩,૫૭૭ અને ભારતમાં કુલ ૫,૬૦,૧૬૨ મોબાઇલ ટાવર છે. તેની સંખ્યા વર્ષાનુવર્ષ વધતી જાય છે. આ પરથી કલ્પના કરી શકાય કે સમગ્ર વિશ્વમાં કેટલાં બધાં મોબાઇલ ટાવર હશે ! એક અંદાજ મુજબ દરેક મોબાઇલ ટાવર રોજનું ચૌદેક લિટર ડીઝલ વાપરે છે. વીજળી અને ડીઝલ વપરાશના આંકડાઓ વિશે કદાચ મતભેદ હોઈ શકે પણ તેનો વપરાશ થાય છે તે તો નક્કી જ છે. અલબત્ત, કેટલાંક મોબાઇલ ટાવર સૌર ઊર્જાનો પણ ઉપયોગ કરતાં હશે. આ આંકડાઓનો સંદર્ભ લઈ દર વર્ષે કેટલું ડીઝલ મોબાઇલ ટાવર પી જાય છે તેની ગણતરી કરવાનું વાચકો પર છોડી દઈએ. હા, સંદેશાઓના પ્રસારણમાં અને નિર્ધારિત સ્થળે પહોંચાડવામાં મોબાઇલ નેટવર્ક દ્વારા વપરાતી ઊર્જા અને સંદેશા વગરના સુષુપ્ત નેટવર્કને જરૂરી ઊર્જા અંગે પદ્ધતિસરનો અભ્યાસ થયો હોય તેવું ધ્યાનમાં નથી. કદાચ આ પ્રકારનો અભ્યાસ થયો હોય તોપણ તેને યોગ્ય પ્રસિદ્ધિ મળી નથી, પરંતુ આજની આપણી ચર્ચા પરથી એક વાત તો ફલિત થાય છે કે સંદેશાવ્યવહારની આપ-લે જેમ ઓછી તેમ મોબાઇલ ટાવરોની ઊર્જાની ખપત ઓછી.

સંદેશાવ્યવહાર માટે આપણે મોબાઇલ ફોનને ચાલુ રાખવો પડે છે અને ઘડીએ ઘડીએ તેને ચાર્જ પણ કરતા રહેવો પડે છે. અહીં પણ ખાસ્સી ઊર્જાખપત થાય છે. તદુપરાંત મૂલ્યવાન સમય પણ વેડફાઈ જાય છે. કહેવાય છે કે આ પૃથ્વી પર આપણને કશું જ મફત નથી મળતું. બિનજરૂરી અને જથ્થાબંધ સંદેશા મોકલવાથી આપણે આપણા મૂલ્યવાન સમયનો ભોગ આપીએ છીએ અને સાથે સાથે કીમતી ઊર્જાને વેડફી નાખીએ છીએ. અલબત્ત, દેશના કુલ વીજવપરાશનો ૧ %થી પણ ઓછો વપરાશ મોબાઇલ ફોનનું માળખું કરે છે. આ હિસાબે કેટલાક માનશે કે સંદેશા નહીં મોકલીને પણ ઊર્જાની કંઈ બહુ મોટી બચત નથી થતી. પણ દરેક ક્ષેત્રે ઊર્જાબચતની ટેવ કેળવીએ તો જરૂર ‘ટીપે ટીપે સરોવર ભરાઈ જશે’ અને આપણી આવનારી પેઢી માટે ઊર્જાસ્રોતો થોડા ભરેલા રાખી શકીશું. હા, અહીં જે મોબાઇલ ફોન સંદર્ભે વાત કરી તે ફેસબુક, ટ્વિટર, ઈન્સ્ટાગ્રામ વગેરે જેવાં કોઈ પણ સામાજિક માધ્યમો (Social Media) પર વહેતા કોઈ પણ પ્રકારના ઈ-સંદેશાઓ માટે એક અથવા બીજા સ્વરૂપે લાગુ પડે છે.

**— ચિંતન ભટ્ટ**

# ૨૧મી સદીના કપાળ પર ઊપસેલી ચિંતાની એક નવી લકીર

૨૧મી સદીમાં કચરાના કેટલાય પ્રકારો જોવા મળે છે. માણસ જેમ જેમ પ્રગતિનાં સોપાનો સર કરીને આગળ વધી રહ્યો છે તેમ તેમ તેની સામે જુદા જુદા પ્રકારના અને આકારના કચરાના ઢગલાને હટાવવાના પડકારો ઊભા થતા રહે છે. એક પ્રકારના કચરા માટે સ્વચ્છતાનું મિશન ઉપાડીએ ત્યાં તો બીજા પ્રકારના કચરાની સમસ્યા આપણી સામે મોઢું ફાડીને ઊભી રહી જાય છે. ઘર કે શેરીમાં પડેલા કચરાની વ્યવસ્થા કરીએ, ત્યાં શહેરમાં પડેલા કચરાની ચિંતા કરવી પડે. શહેરના કચરાના નિકાલની વ્યવસ્થા થાય ત્યાં તો નદી-નાળામાં ઊભરાતા કચરાની ચિંતા વધી પડે. નદીનાળાનો કચરો સાફ થાય ત્યાં સમુદ્રી કચરો આપણી સામે પડકાર કરે. એ બધાની એકસામટી ચિંતા શરૂ કરીએ ત્યાં તો અવકાશી કચરાનું વધતું પ્રમાણ ચિંતા ઉપજાવે. આવું જ ચિંતા ઉપજાવનારું કચરાનું નવું એક સ્વરૂપ છે - ઈ-વેસ્ટ.

માનવીએ ઇલેક્ટ્રૉનિક્સ ક્ષેત્રે હરણફાળ ભરી છે પણ એણે કલ્પના પણ નહોતી કરી કે એક દિવસ આ ઇલેક્ટ્રૉનિક્સમાંથી એટલો કચરો ઉત્પન્ન થશે કે તે માનવજાત અને વિશ્વને માટે મહાપ્રશ્ન બની રહેશે. સંયુક્ત રાષ્ટ્રસંઘ આંતરરાષ્ટ્રીય ટેલિકૉમ્યુનિકેશન યુનિયન અને ઇન્ટરનેશનલ સૉલિડ વેસ્ટ ઍસોસિયેશન સંયુક્ત રીતે દર વર્ષે વૈશ્વિક અહેવાલ ગ્લોબલ ઈ-વેસ્ટ મૉનિટર તૈયાર કરે છે. એના છેલ્લા અહેવાલ પ્રમાણે વિશ્વમાં એક જ વર્ષમાં ૫.૫ કરોડ ટન ઇલેક્ટ્રૉનિક્સ કચરો ઉત્પન્ન થયો હતો. ગીઝામાં આવેલા નવ જેટલા ગ્રેટ પિરામિડને એકઠા કરવામાં આવે એટલો ઇલેક્ટ્રૉનિક કચરો વિશ્વમાં દર વર્ષે સર્જાય છે. એશિયન દેશો દર વર્ષે ૨૫ મેટ્રિક ટન ઈ-વેસ્ટ ઠાલવે છે, તો અમેરિકા ૧૩થી ૧૪ મેટ્રિક ટન ઈ-વેસ્ટ સર્જે છે. યુરોપમાં ૧૨ મેટ્રિક ટન ઈ-વેસ્ટ પેદા થાય છે.

એનાથીય વધુ ગંભીર બાબત એ છે કે કુલ ઈ-કચરામાંથી માત્ર ૧૭.૪ ટકાનો જ નિકાલ થાય છે. ચીન ઇલેક્ટ્રૉનિક્સ પ્રોડક્ટમાં દુનિયામાં સૌથી આગળ રહેવાનાં ખ્વાબ જુએ છે. સસ્તી પ્રોડક્ટ આપીને કમાણી રળી લેવાના ઇરાદાથી ચીન બધા જ નિયમો નેવે મૂકીને ધડાધડ ઇલેક્ટ્રૉનિક્સ પ્રોડક્ટ બનાવે છે. એની આડઅસર એવી થાય છે કે ચીન દર વર્ષે ૭.૨ મેટ્રિક ટન ઈ-કચરો પેદા કરે છે. ભારતમાં વર્ષે ૩૨ લાખ ટન ઈ-વેસ્ટનો ખડકલો થાય છે.

ભારતમાં વધી રહેલા ઈ-વેસ્ટ પાછળ સતત વિકસી રહેલી ઇલેક્ટ્રૉનિક્સ ઇન્ડસ્ટ્રી કારણભૂત છે. ભારતમાં જે કુલ ઈ-વેસ્ટ પેદા થાય છે, તેમાંથી ૧૫ ટકા હિસ્સો રહેઠાણ વિસ્તારનો છે. એટલે કે દેશવાસીઓ કુલ ઈ-વેસ્ટના ૧૫ ટકા હિસ્સો આપે છે. આની સામે ૭૦ ટકા હિસ્સો કારખાનાંઓમાંથી આવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની નોંધ પ્રમાણે સૌથી વધુ ઈ-વેસ્ટ ભારતની ઇલેક્ટ્રૉનિક ઇન્ડસ્ટ્રી પેદા કરે છે અને સરકારની હળવી



નીતિઓના કારણે ઇન્ડસ્ટ્રી પર ઈ-વેસ્ટ મુદ્દે ખાસ અંકુશ નથી. મુંબઈ દેશનું સૌથી વધુ ઈ-વેસ્ટ ઉત્સર્જન કરતું શહેર છે. એકલા મુંબઈમાં જ વર્ષે ૧.૨૦ લાખ મેટ્રિક ટન કચરો પેદા થાય છે. દિલ્હી એક લાખ મેટ્રિક ટન સાથે બીજા ક્રમે છે. ૯૦ હજાર મેટ્રિક ટન સાથે ચેન્નાઈ ત્રીજા ક્રમે, ૫૫ હજાર મેટ્રિક ટન સાથે કૉલકાતા ચોથા ક્રમે અને ૩૬ હજાર મેટ્રિક ટન સાથે અમદાવાદ પાંચમા ક્રમે આવે છે.

ભારતમાં સરેરાશ એક માણસ વર્ષે ૧.૫થી ૨ કિલો ઈ-વેસ્ટ ઠાલવે છે. ભારતમાં પર્યાવરણ મંત્રાલયે ૨૦૧૮માં ઈ-વેસ્ટ ઠાલવતાં કારખાનાંઓને રિસાઇક્લિંગની તાકીદ કરી હતી, પણ એનું ખાસ પરિણામ જોવા મળ્યું નથી. ૨૦૧૧માં ભારતમાં ઉત્પાદકો ઉપર સત્તાવાર રીતે ઈ-કચરાના નિકાલની જવાબદારી સોંપવામાં આવી હતી. જે કંપની ઇલેક્ટ્રૉનિક્સ પ્રોડક્ટ બનાવે છે, તેણે જ ઈ-વેસ્ટની વ્યવસ્થા પણ કરવાની હોય છે. ઈ-વેસ્ટને લગતી વિશેષ કાયદાકીય જોગવાઈ કરનારો ભારત દક્ષિણ એશિયાનો એકમાત્ર દેશ છે.

ભારત માટે બીજો એક ચિંતાનો વિષય છે ઈ-વેસ્ટ રિસાઇકલનું કામ કરતા કામદારોનું કથળતું સ્વાસ્થ્ય. યુનાઇટેડ નૅશન્સે કહ્યું હતું એ પ્રમાણે ભારતમાં લગભગ ૧૩ લાખ લોકો ઈ-વેસ્ટ રિસાઇક્લિંગનું કામ કરે છે. તેમના સ્વાસ્થ્ય અંગે કોઈ સાવધાનીની વ્યવસ્થા રાખવામાં આવતી નથી એટલે ઈ-વેસ્ટનું કામ કરતા લોકો ગંભીર બીમારીઓમાં સપડાઈ જાય છે. સાધારણ કચરો ઉપાડતા સફાઈ-કાર્યકરોની તુલનાએ ઈ-વેસ્ટ રિસાઇકલ કરતા કામદારોના સ્વાસ્થ્ય ઉપર બે ગણું જોખમ છે. ઈ-વેસ્ટ રિસાઇક્લિંગનું કામ કરતા કામદારોને ફેફસાંની, શ્વાસનળીની, જઠરની અને ચામડીના રોગોની સમસ્યા થાય છે. ઈ-વેસ્ટમાં કેમિકલનો ભાગ હોવાથી એ અંગે ખાસ સાવચેતી રાખવી જરૂરી બની જાય છે, પરંતુ એવી તકેદારી ભારતમાં જોવા મળતી નથી.

અશિક્ષિત કે અલ્પશિક્ષિત લોકો ઈ-વેસ્ટના નિકાલનું કામ કરે છે. આ લોકોને ઈ-વેસ્ટની આડઅસર ખબર નથી હોતી. વળી, સંયુક્ત રાષ્ટ્રસંઘ તો ત્યાં સુધી કહે છે કે ભારતમાં ઈ-વેસ્ટના નિકાલની વ્યવસ્થા જ ખૂબ ભયાનક છે. ઇલેક્ટ્રૉનિક્સ કચરાને રિસાઇકલ કરવાને બદલે ગરીબ મજૂરો પાસે ઈ-વેસ્ટ બાળી નાખવાનું કામ કરાવાય છે અથવા તો ડમ્પિંગ સાઇટ્સ ઉપર ફેંકી દેવામાં આવે છે. એને પરિણામે બિચારા

મજૂરોના સ્વાસ્થ્ય ઉપર તો ખતરો છે જ છે, પણ જાહેર સ્વાસ્થ્ય ઉપર પણ જોખમ મંડરાય છે.

ભારતમાં ઈ-વેસ્ટ રિસાઇકલની પ્રક્રિયા ખૂબ જ ધીમી છે. ૨૦૧૪થી ૨૦૧૬ દરમિયાન ઈ-વેસ્ટ રિસાઇક્લિંગની પ્રક્રિયા કરતાં માત્ર ૪૦ નાનાં-મોટાં કારખાનાં નોંધાયાં  હતાં. દેશમાં છેલ્લાં બે વર્ષમાં ઈ-વેસ્ટ રિસાઇક્લિંગની ક્ષમતામાં માત્ર ૮૮ હજાર મેટ્રિક ટનનો નગણ્ય વધારો થયો હતો.

વિશ્વમાં દર વર્ષે ૮ ટકાના દરે ઈ-વેસ્ટ વધે છે. એક તરફ ઈ-વેસ્ટનો જથ્થો ભયજનક રીતે વધતો જાય છે. બીજી તરફ નિકાલની વ્યવસ્થાનું પ્રમાણ ૫ ટકાય વધતું નથી. ઈ-વેસ્ટને જો રિસાઇકલ કરવામાં આવે, તો તેની કિંમત ૫૫ અબજ ડૉલર એટલે કે લગભગ ૩૫ ખર્વ રૂપિયા જેવી થવા જાય છે. આટલી મોટી રકમ તો કેટલાય દેશોની જીડીપીની પણ નથી !

ઈ-વેસ્ટથી આર્થિક નુકસાન પણ થઈ રહ્યું છે. ઈ-વેસ્ટમાં પ્લાસ્ટિક અને મેટલનો હિસ્સો ગણતરીમાં લઈને કિંમત આંકવાની થાય તો વિશ્વમાં વર્ષે લગભગ ૪.૨૧ લાખ કરોડ રૂપિયા જેવું તેનું મૂલ્ય થાય ! ઈ-વેસ્ટ સ્વરૂપે ભારતની લગભગ ૧૮ હજાર કરોડ રૂપિયાની ધાતુઓ વેડફાય છે. ઈ-વેસ્ટમાં જે ધાતુઓ વેડફાય છે તેનો જથ્થો પણ બહુ માતબર છે. ૭ લાખ ટન લોખંડ, ૯૫ હજાર ટન તાંબું, ૧ લાખ ટન ઍલ્યુમિનિયમ, ૭૧ હજાર ટન સિલ્વર, ૨૨ હજાર ટન સોનું ઈ-વેસ્ટ સ્વરૂપે વેડફાય છે. એ હિસાબે ભારતમાં ૬,૩૭૪ કરોડ રૂપિયાનું સોનું, ૩૦૦ કરોડની ચાંદી, ૩,૨૬૨ કરોડનું તાંબું, ૧,૨૨૮ કરોડ રૂપિયાનું ઍલ્યુમિનિયમ અને ૫,૧૫૨ કરોડ રૂપિયાનું પ્લાસ્ટિક ઈ-વેસ્ટમાં પરિવર્તિત થાય છે ! વિશ્વમાં પ્રતિ વર્ષ ૧.૪૪ લાખ કરોડ રૂપિયાનું ૧૬૦૦ ટન સોનું ઈ-વેસ્ટમાં ફેરવાય છે. વિશ્વમાં ઈ-વેસ્ટમાં વેડફાતી વિવિધ ધાતુની કિંમત લગભગ ૭૪ અબજ ડૉલર જેવી થવા જાય છે.

ઈ-વેસ્ટ જનરેટ કરવાની બાબતે સામાન્ય રીતે એશિયન દેશોને  દોષ દેવામાં આવે છે, પણ હકીકત જુદી છે. ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ જેવા દેશોમાં દર વર્ષે એક પરિવાર-દીઠ ૧૭.૩ કિલો ઈ-વેસ્ટ પર્યાવરણમાં ઠાલવે છે. યુરોપીય દેશો એક ઘરદીઠ સરેરાશ ૧૬.૬ કિલો ઈ-વેસ્ટ પેદા કરે છે. અમેરિકનો સરેરાશ પરિવારદીઠ ૧૧.૬ કિલો ઈ-વેસ્ટ ઉત્પન્ન કરે છે. એશિયામાં માથાદીઠ ૪.૨ કિલો ઈ-વેસ્ટ પેદા થાય છે.

ઈ-વેસ્ટના વધતા ભય પછી ભારત સહિત ૬૭ દેશોએ ઈ-વેસ્ટ મૅનેજમેન્ટ કાયદો બનાવ્યો છે, પણ ચીન-ભારત તો ઠીક, અમેરિકા, રશિયા, બ્રિટન, ફ્રાન્સ, ઑસ્ટ્રેલિયા કે ન્યૂઝીલૅન્ડમાંય આ કાયદાનું પાલન થતું નથી.

જેમ પરમાણુ વેસ્ટની સમસ્યાનો વિશ્વ પાસે કોઈ ઉકેલ નથી, એમ હવે ધીમે ધીમે ઈ-વેસ્ટની સમસ્યાનો પણ ઉકેલ મળતો નથી અથવા કહો કે ઉકેલ મળ્યો છે તો તેનો અમલ થતો નથી. ઇલેક્ટ્રૉનિક્સ કચરો આપણી આસપાસના કચરા જેવો નથી કે જે તત્કાળ નજરે ચડી જાય ને સફાઈ કામદારોને કહીને તેનો નિકાલ કરી શકાય. આ એવો કચરો છે કે જે તરત નરી આંખે દેખાશે નહીં અને તેની અસર પણ કદાચ નરી આંખે નહીં દેખાય. ઘણી વખત સમસ્યાઓ ધીમે પગલે અને પાછલા બારણેથી આવતી હોય છે. ઈ-વેસ્ટની સમસ્યા પણ ધીમે પગલે અને પાછલા બારણે દેશ અને દુનિયામાં પ્રવેશી રહી  છે !

**– હર્ષ મેસવાણિયા**

# પ્રસન્ન પ્રેરણાનો એક અનુભવ

રિની અમને દક્ષિણ આફ્રિકામાં મળેલી. ગાર્ડનરૂટ પર આઉટશૂર્ન અને કેંગોકેઝની મુલાકાતે જતાં એનું કુટુંબ અમારું સહયાત્રી હતું. એ નર્સ હતી અને એનો પતિ નૉવિલ બ્લુમફૉન્ટેઇનમાં ઉદ્યોગપતિ હતો. સાથે નવ વર્ષની પુત્રી સિન્ડી અને પાંચ વર્ષનો પુત્ર વેઈન પણ હતાં. તેઓ દક્ષિણ આફ્રિકાનાં ગોરાં નિવાસી હતાં. આખો દિવસ સાથે ફરતાં અમારી વચ્ચે મિત્રતા બંધાઈ ગઈ. અલકમલકની વાતો કરતાં નૉવિલ કહેવા લાગ્યો, ‘આ રિનીને ગામડાંના વંચિત લોકોની સેવા કરવાનું એટલું તો ઘેલું લાગ્યું છે કે, આખો દિવસ ટાઢ-તડકો વેઠીને પણ દૂરદૂરનાં ગામડાંમાં ફરીને કામ કરતી રહે છે. એ જ્યાં કામ કરે છે, ત્યાં પૂરાં છાપરાં પણ હોતાં નથી. હું કહું છું, આપણી પાસે શું નથી ? સરસ ઘર છે, સુંદર બાળકો છે અને ભરપૂર પૈસો છે. તારે આટલું બધું વેઠવાની શી જરૂર છે ? પણ એને તો એના કામમાં જ આનંદ મળે છે. હું એની ખુશીની આડે આવવા માગતો નથી, પણ મને સતત એના સ્વાસ્થ્યની ચિંતા રહે છે.’ મંદમંદ સ્મિત કરતી રિની સ્નેહભરી નજરથી નૉવિલની સામે જોતી રહી. એ એક પણ શબ્દ બોલી નહીં, પણ પોતાના શુભકાર્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા એના ચહેરા પર અંકાયેલી દેખાતી હતી. સાંજે છૂટાં પડતાં અમે ચારેય ભાવુક થઈ ગયાં. રિની કહે, ‘ફરી અમારા દેશમાં આવો ત્યારે બે-ચાર દિવસ બ્લુમફૉન્ટેઇન માટે જરૂર ફાળવજો. તમારે અમારા ઘરે જ રહેવાનું છે.’ નૉવિલ કહેવા લાગ્યો, ‘હવે સમય બદલાયો છે. મને કહેતાં સંકોચ થાય છે કે, તમે એક-બે વરસ પહેલાં મળ્યાં હોત તો હું તમને અમારા ઘરે આમંત્રિત કરી શક્યો ન હોત. પહેલાં અમારા શહેરમાં ગોરા લોકો સિવાય કોઈને પ્રવેશ મળતો ન હતો. કામ કરવાવાળા અશ્વેત લોકો દિવસે કામ કરવા આવી શકે, પણ સાંજે તેમણે શહેરની હદની બહાર પોતપોતાની વસાહતોમાં ચાલ્યા જવાનું. હવે બધું બદલાઈ ગયું છે. અમને આનંદ છે



કે, અમે તમારું સ્વાગત અમારે ઘરે કરી શકીશું...' ૧૯૯૪માં નેલ્સન મંડેલા ચૂંટણી જીતીને રાષ્ટ્રના પહેલા અશ્વેત પ્રેસિડન્ટ બન્યા અને છેક ઈ. સ. ૧૯૪૮થી લાદવામાં આવેલી રંગભેદની નીતિથી દેશ મુક્ત થયો, તેના બરાબર એક વર્ષ પછીનો એ સમય હતો. સ્વાતંત્ર્યની પહેલી વર્ષગાંઠનો ઉત્સવ માણતાં શ્યામવર્ણ દેશવાસીઓના ઉન્માદના સાક્ષી બનવાનું તથા શ્રી નેલ્સન મંડેલાએ તે નિમિત્તે કરેલું ઉદ્બોધન પ્રિટોરિયામાં સાંભળવાનું સદ્ભાગ્ય થોડા દિવસો પહેલાં જ પ્રાપ્ત થયેલું, એટલે નૅવિલની વાત તથા ભાવના સમજી શકાતી હતી.

પ્રવાસ પૂરો કરી અમે પાછાં ફર્યાં અને ફરી અમારાં કામે લાગી ગયાં. થોડા દિવસો પછી રિનીનો પત્ર આવ્યો. એક દિવસમાં કેવી માયા બંધાઈ ગઈ તેને સ્મરતાં ક્ષેમકુશળ પૂછ્યા પછી એ પત્રમાં એણે જે લખેલું તે કદી નહીં ભુલાય. એ લખતી હતી : 'તું તારા કામે લાગી ગઈ હોઈશ અને તારા દેશમાં ગામડાંના લોકોનું કલ્યાણ કરી રહી હોઈશ. મેં સાંભળ્યું છે કે, તમારા દેશમાં કુટુંબનિયોજનના ક્ષેત્રમાં ખૂબ સરસ કાર્ય થાય છે. એ વિષયમાં તમારી પ્રગતિ તથા કાર્યપદ્ધતિ પ્રશંસનીય છે. મારે તારી પાસેથી એ બધું જાણવું છે. હું એ જાણવા માગું છું કે, એ વિષયનો તમારો અનુભવ તથા વિશિષ્ટ જ્ઞાન અમારા દેશની સ્વાસ્થ્યસેવાના વિકાસ માટે શી રીતે કામ લાગી શકે...' પત્ર વાંચતાં મારું મન અહોભાવથી છલકાઈ ગયું. રિની સરકારી સંસ્થામાં કે સરકારમાં કોઈ મોટો હોદ્દો ધરાવતી નહોતી. એ તો એકદમ છેવાડાના ગ્રામીણ વિસ્તારમાં કામ કરતી એક સામાન્ય હોદ્દો ધરાવતી નર્સ હતી, છતાં પોતાના દેશ વિશે, પોતાના આરોગ્યતંત્ર વિશે એ કેટલી ચિંતિત તથા એના વિકાસ માટે કેટલી વિચારશીલ હતી ! હું તે જોઈને અવાક્ થઈ ગઈ ! આપણી પૃથ્વી આવા લોકોથી જ તો રળિયાત છે. દેશ હોય કે વિદેશ, જ્યાં જ્યાં રિની જેવાં સમર્પિત મૂક કાર્યકરોને જોવા-મળવાનું થાય છે, ત્યારે ત્યારે મન પ્રસન્નતા સાથે પ્રેરણાથી અભિભૂત થઈ જાય છે. અને પછી એ અનુભવ, એ લાગણી સહૃદયો સાથે વહેંચી લેવાનો મોહ જતો કરી શકાતો નથી.

— ભારતી રાણે

## વાચકમિત્રોને

છેલ્લાં બાવીસ વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦નું મ. ઑ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩ – એ સરનામે મોકલશો. ત્રણ વર્ષનું લવાજમ (૪૫૦ રૂ.) પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ કે ચેક **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો.

### ઈ-લવાજમની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

ઈ-લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઈલ (vishvakoshad1@gmail.com), વૉટ્સ એપ (9898042699) તથા પત્ર દ્વારા જાણ કરવી.

# વિદ્યાતપનું પુણ્ય હજી પણ તપે છે !

શિક્ષક એ જ જીવનધર્મને વરેલા ગુરુવર્ય ડૉ. દાઉદભાઈ ઘાંચીસાહેબશ્રી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા કેમ્પસનું ગૌરવ ગણાતા. હું પણ એ સમયે શ્રી જે.બી. શાહ ઇંગ્લિશ મિડિયમ સ્કૂલમાં શિક્ષક તરીકે નવોસવો જોડાયો હતો. ઋષિતુલ્ય લેખાતા ડૉ. ઘાંચીસાહેબનો વિદ્યાર્થીઓ સાથેનો જીવંત નાતો અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાની સુવાસ શિક્ષણઆલમમાં ફેલાયેલી હતી એટલે જ મનમાં એક વસવસો હંમેશાં રહ્યા કરતો કે બી.એડ્.ની તાલીમ ઘાંચીસાહેબના સાન્નિધ્યમાં મળી હોત તો ! જોકે મારી આ લાલસા સને ૧૯૮૯માં સંતોષાઈ, પરંતુ એ સમયે સાહેબ ન હતા. છતાંયે સાહેબશ્રીના સ્વપ્નમૂર્તિ સમો જ્ઞાનદીપ એમણે ચાતરેલા ચીલે ચાલતો હતો એ જ કારણે ઊંડે ઊંડે બી.એડ્. કૉલેજ મોડાસામાં અભ્યાસ કરવાનો આત્મસંતોષ આજેય લઈ રહ્યો છું. પછી તો સાહેબે રચેલા ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ – OSAના સક્રિય પ્રતિનિધિ રૂપે અવારનવાર સાહેબને મળવાનું થતું. કોઈ ને કોઈ બહાને મુલાકાતો યોજાતી રહી જે મારા જીવનની યાદગાર જ નહિ બલ્કે ધન્ય પળો હતી.

આ ચિરંજીવી મુલાકાતોમાં સાહેબમાં શિક્ષણના પ્રત્યક્ષીકરણનું પ્રતિબિંબ દેખાતું. એક સમર્પિત શિક્ષકની કર્તવ્યનિષ્ઠા ને ખેવનાની દૃઢમૂર્તિના અનુભવે આજે હું એટલું ચોક્કસપણે કહી શકું કે માનનીય ડૉ. ઘાંચીસાહેબ એટલે શિક્ષણનો જીવ.

ભલે બી.એડ્.ની તાલીમ સાહેબના સાન્નિધ્યમાં ન મળી, પરંતુ મોડાસાની ખ્યાતનામ શિક્ષણસંસ્થા શ્રી સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલમાં સંસ્થાના સુકાનીપદે આરૂઢ થયા પછી શાળાના Vision Mission અંતર્ગત ટૂંકા ગાળા અને લાંબા ગાળાના ભાવિ આયોજન અંગે સાહેબશ્રીનું માર્ગદર્શન તેમજ સંસ્થાકીય વિકાસની સલાહ-મસલતના લાભે મારી કારકિર્દીને યશસ્વી મહોર મારી છે. તેથી જ કહી શકું છું કે 'એકલવ્ય અને દ્રોણાચાર્ય' જેવો ગુરુભાવ મારા મનમાં હંમેશાં રહ્યો છે.

શાળાના સુવર્ણજયંતી મહોત્સવના આરંભ ટાણે મા. ઘાંચીસાહેબ અને મા. ડૉ. દક્ષેશ ઠાકરસાહેબના સાન્નિધ્યમાં નીકળેલી ગ્રંથયાત્રા તેમજ સમાપનનાં મહામૂલાં સંસ્મરણો યાદ કરતાં આજેય ધન્યતા અનુભવું છું. ઉપરાંત તેમના પુત્ર દ્વારા સંસ્થાને સુવર્ણજયંતી પ્રસંગે શુભેચ્છાસંદેશ અને ઋણસ્વીકાર રૂપે દાન પણ મળેલ છે.

હમણાં જ OSAના મંત્રીપદની જવાબદારી સંભાળ્યા બાદ સાહેબના આત્મદીપ્ત આવરદાના ૯૧મા જન્મદિનની ઉજવણી અમારા સૌ માટે યાદગાર અને બેનમૂન બની રહી.

ડૉ. ઘાંચીસાહેબના સંસર્ગે શિક્ષણ અને શિક્ષકના કર્તવ્ય વિશે મારો દૃષ્ટિકોણ કેળવાયો, નવી સૂઝ પ્રકટી, અભિગમ બદલાયો, મૂલ્યનિષ્ઠ શિક્ષણનો મહિમા સમજાયો. એક શિક્ષક અને માતબર સંસ્થાના સુકાની તરીકે મારો જાણે પુનર્જન્મ થયો.

જેમ વિષ્ણુગુપ્ત 'ચાણક્ય' તક્ષશીલા વિદ્યાપીઠના અધ્યાપક હતા, જેમણે ચંદ્રગુપ્ત મૌર્યને ઉત્તમ પ્રકારની કેળવણી આપીને મગધના રાજાની પદવી સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું હતું. ચાણક્યએ મગધના રાજા ધનનંદના અનૈતિક શાસનનો અંત કરી પ્રજાભિમુખ શાસનવ્યવસ્થાની સ્થાપના કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા બજાવી હતી. તેમણે 'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈ' જેવા ઉત્તમ વિચારનો અમલ કરીને બતાવ્યો હતો. સ્વામી રામકૃષ્ણ પરમહંસ જેવા મહાન ગુરુજીએ નરેન્દ્રમાંથી સ્વામી વિવેકાનંદનું સર્જન કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા બજાવી હતી. છત્રપતિ શિવાજી મહારાજના પ્રેરણાસ્રોત સમર્થ સ્વામી રામદાસ હતા. માટે કહું છું કે મનુષ્યને જીવન જીવવાની સાચી જડીબુટ્ટી ગુરુ જ આપે છે.

ડૉ. દાઉદભાઈ ઘાંચીસાહેબ વિશેની સાંભળેલી વાતો અને જાતઅનુભવોથી એટલું પ્રમાણ્યું છે કે સાહેબના શિષ્ય હોવું અથવા શ્રી બી.ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાના તાલીમાર્થી હોવું એ એક ગૌરવપ્રદ બાબત છે જ. સાહેબનાં અસંખ્ય તાલીમાર્થી ભાઈ-બહેનો આજેય શૈક્ષણિક યોગ્યતા અને વિકાસ સાથે શિક્ષકત્વની પરિતુષ્ટિ ગુજરાતભરમાં અનુભવી રહ્યાં છે. પ્રતિવર્ષ યોજાતા OSA અધિવેશનમાં આનો રણકાર સાંભળવા મળે છે, ત્યારે એવું લાગે છે કે આ મહામાનવના તપનું પુણ્ય હજુ પણ તપે છે.

**– ડૉ. રાકેશકુમાર સી. મહેતા**
(આચાર્ય - સી. જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલ, મોડાસા)

---

**(૨૭મા પાનાનું ચાલુ)**

પછી, ભોજન એમને લાયક બનતું. આવું બનતું ત્યારે જમ્યા પછી એ હંમેશાં મારો આભાર માનતા ને કહેતા, 'જીવદયા માટે આભાર.'

એમની સાથે પ્રવાસમાં હું હોઉં ત્યારે રાતે સૂતાં પહેલાં એમની તબિયત અવશ્ય પૂછી લેતો. એક વાર રાબેતા મુજબ તેમની ખબર કાઢવા એમના રૂમમાં ગયો ત્યારે તે હથેળીમાં ત્રણચાર દવાની ગોળીઓ રાખી લેતા. હું જોઈ ગયો ને મારાથી બોલાઈ જવાયું, 'આટલી બધી ગોળીઓ ?' એ હસતાં હસતાં કહે, 'ડોન્ટ અન્ડર એસ્ટીમેટ મી માય યંગ ફ્રેન્ડ, આ તો નાસ્તો જ છે !!!

સાહિત્યયાત્રામાં વહેલી સવારથી મોડી રાત સુધી વિવિધ કાર્યક્રમો રહેતા. એક પછી એક એમ સતત ચાલ્યા કરે. નારાયણભાઈ અમારી જોડે ક્યારેક ઘસડાય અને થાકી પણ જાય. એક કાર્યક્રમ જમ્યા પછી ભરબપોરે હતો. મેં જોયું એમની આંખ સહેજ મળી ગઈ હતી. એમને આરામ મળે એ ઉદ્દેશથી અમે કાર્યક્રમ શરૂ કરી દીધો. હજુ તો કાર્યક્રમ થોડો આગળ વધે ત્યાં એ ધસમસતા આવી પહોંચ્યા. એમણે વક્તવ્યના આરંભમાં જ મોડા પડવા માટે ક્ષમા માગી અને ઉમેર્યું કે, 'મારો વાંક એટલો જ કે આ બધા મિત્રો કરતાં મારો જન્મ ત્રીસેક વર્ષ વહેલો થયેલો છે !'

**– રાજેન્દ્ર પટેલ**

# જીવદયા માટે આભાર !



નારાયણ દેસાઈ

નારાયણ દેસાઈ એટલે નારાયણ દેસાઈ. અદ્વિતીય. દૂરથી અને આરંભે એ એકદમ કડક લાગે. અમારો પરિચય સહેજ ગાઢ થયો એટલે એક વાર જરા ગભરાતાં ગભરાતાં મેં પૂછ્યું, 'અમારે ત્યાં ભોજન કરવા આવશો ?' એમનો છણકાભર્યો જવાબ હતો : 'આટલું બધું મોડું કહેવાય !'

નખશિખ ગાંધીજન ને પાછા પરિષદના પ્રમુખ એટલે આરંભે હું હંમેશાં એમની સાથેની વાતચીતમાં વારંવાર 'આપ' તરીકે સંબોધન કરતો. મારા આપ..આપના અતિરેકથી એ કંટાળ્યા હશે તેથી એક વખતે મારી વાતને અધવચ્ચે કાપી જરા મોટા અવાજે મને કહ્યું, ''હું તો 'તું'નો માણસ છું'' એટલે પછી હું આપ છોડીને તમે તરીકે સંબોધન કરવા લાગ્યો.

સાહિત્યયાત્રાના પ્રવાસોમાં મને એમનું ખાસ સાંનિધ્ય પ્રાપ્ત થયેલું. દિવસો સુધી રાત-દિવસ સાથે પસાર કરવાનું બનેલું. મને ડાયાબિટીસ એટલે હું ભોજનમાં મીઠાઈ લેતો નહિ. અમે સાથે જમતા. એક વાર જરા રમૂજમાં મને કહે, 'મીઠાઈ પાછી કેમ આપી દો છો ?' મેં જરા અકડાઈને કહ્યું, 'તમે તો જાણો છો, આપી દેવી પડે વખાના માર્યા, મારે ક્યાં ગળ્યું ખાવાનું હોય.' એ જરા ધીમા અવાજે બોલ્યા, 'હું તો છું જ ને, મને આપી દેવી.' મેં જરા રોફમાં કહેલું, 'એ ના બને. તમારેય મીઠાઈ વધુ ના ખવાય.' ડાયાબિટીસની બાબતમાં હું એમનાથી સિનિયર એટલે જરા મારી હાજરીમાં ગળ્યું ખાવામાં સંકોચાતા એટલું નહિ ક્યારેક ડરતાય ખરા.

ભોજનમાં એમની બીજી સમસ્યા એ કે એ જરાય તીખું ના ખાઈ શકે. સહેજ અમથું મરચું જોઈને મારી પર અકળાય. અમે બધાને સૂચના આપી હોય કે એક વ્યક્તિ માટે સાવ મોળું કાઢી લેવું. પણ ભાગ્યે જ એ અંગે કોઈ સભાન હોય ને મોળું કાઢ્યું જ ના હોય. જેવું ભોજન પીરસાય એટલે એ મારી સામે જુએ ને થાળી સામે જુએ. અજાણ્યા માહોલમાં ઝટ કંઈ થઈ શકે નહિ. એટલે ભોજનમાંથી શાક ને દાળની બાદબાકી થઈ જતી. એમને અપૂરતું ભોજન મળે, એટલે એ મારી ઉપર વ્યંગબાણ છોડે. એક વાર મને એનો ઉપાય સૂઝ્યો. તે પછી તો આવું બનતું ત્યારે તીખી દાળ અને શાકની વાડકીમાં હું સારું એવું પાણી નાખી દેતો. ચમચીથી બરાબર હલાવી જરા સેટલ થવા દેતો ને ઉપરનું પાણી નિતારી દેતો. બે ત્રણ વારની આ શુદ્ધિ પ્રક્રિયા

(અનુસંધાન ૨૯મા પાને)

# કલા, પ્રેમ ને અધ્યાત્મની અખંડ જ્યોત

પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જન્મશતાબ્દીના અવસરે એમના જીવનની ઝાંખી મેળવીએ. માગશર સુદ આઠમ, સંવત ૧૯૭૮, તા. ૭-૧૨-૧૯૨૧ના દિવસે જન્મેલા શાંતિલાલ બાળપણથી જ સરળ, શાંત, સૌમ્ય અને શરમાળ સ્વભાવના. સૌના લાડીલા હોવાથી પિતા મોતીભાઈના મિત્ર છોટાભાઈને શાંતિલાલને ભણાવી-ગણાવી 'મોટો હોશિયાર સાહેબ' બનાવવાના કોડ હતા. આથી તેમણે શાંતિલાલ માટે ખાસ એક શિક્ષકની વ્યવસ્થા પણ કરેલી, પણ તેમને ક્યાં ખબર હતી કે આ શાંતિલાલ આખા વિશ્વના વાત્સલ્યમૂર્તિ ગુરુદેવ બની સાહેબોના સાહેબ બનશે. માતાશ્રી દિવાળીબાને પણ ક્યાં ખબર હતી કે જે દીકરાને શાળાએ જતાં તેઓ ભાથું બાંધી આપતાં હતાં, તે દીકરો એક દિવસ અસંખ્ય મુમુક્ષુઓને ગહન આધ્યાત્મિક ભાથું આપીને જીવન-દિશા બતાવશે.

અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થી હોવાથી શાંતિલાલને ઉચ્ચ અંગ્રેજી ભણવાનાં અરમાન હતાં, પણ અચાનક ગુરુ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી ચિઠ્ઠી લઈ આવનાર સાથે તેઓ મિત્રો સાથે ક્રિકેટનો સામાન લેવા જવાનું છોડી શાસ્ત્રીજી મહારાજના ચરણે સાપ કાંચળી ઉતારે તેવી સહજતાથી સમર્પિત થઈ ગયા.

કાર્તિક શુક્લ ૧૧, વિક્રમ સંવત ૧૯૯૬, તા. ૨૨-૧૧-૧૯૩૯ના રોજ અમદાવાદની આમલીવાળી પોળમાં ૧૯ વર્ષની વયના શાંતિલાલને પાર્ષદી દીક્ષા આપીને શાંતિભગત નામ આપ્યું. ત્યારબાદ પોષ સુદ એકમ, સંવત ૧૯૯૬, તા. ૧૦-૧-૧૯૪૦ની સવારે ગોંડલમાં અક્ષરદેરીમાં શાસ્ત્રીજી મહારાજે શાંતિભગતને ભાગવતી દીક્ષા આપી અને નારાયણસ્વરૂપદાસ નામાભિધાન કર્યું અને યોગીજી મહારાજે લાક્ષણિક ઢબથી ધબ્બો મારી આશીર્વાદ આપ્યા. એ જ ક્ષણથી પોતાની વ્યક્તિગત ઇચ્છા, આશા, સઘળું ત્યાગી માત્ર ગુરુની પ્રસન્નતા માટે આત્મસમર્પણ કરવા કટિબદ્ધ થયા.

વિચક્ષણ અને પ્રકાંડ પંડિત એવા શાસ્ત્રીજી મહારાજે નારાયણસ્વરૂપદાસનું હીર પારખી માત્ર ૨૮ વર્ષના 'નારાણદા'ને તા. ૨૧-૫-૧૯૫૦ના રોજ આંબલીવાળી પોળે વિરાટ બી.એ.પી.એસ.(બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા)ના પ્રમુખસ્થાને નિયુક્ત કર્યા અને ત્યારબાદ નારાયણસ્વરૂપદાસ 'પ્રમુખસ્વામી' નામે ઓળખાવા લાગ્યા. જોકે પ્રમુખપદ સ્વીકારવાની સ્વામીશ્રીએ સવિનય ઘણી આનાકાની કરેલી, પણ અંતે સૌના આગ્રહને વશ થઈને અને ખાસ તો ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજની પ્રસન્નતા ખાતર તેઓની આજ્ઞા સ્વીકારી અને તે સમયે લીધેલી પ્રતિજ્ઞાનુસાર આત્મસમર્પણની પ્રતિજ્ઞાને જીવનભર ઉજમાળ કરી.

જનહિતાય ઘરબાર છોડીને નીકળેલા સ્વામીશ્રીએ નવ નવ દાયકાઓ સુધી

લોકકલ્યાણનાં કાર્યો કુશળતાથી કર્યાં અને તે પણ કર્મફળની આસક્તિ વગર, બધું જ શ્રેય ભગવાન સ્વામિનારાયણ, મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદસ્વામી અને ગુરુવર્યો શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજના ચરણે ધરી દીધું.

ભક્તકવિ નરસિંહ મહેતાએ ગાયું છે તેમ, 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે...' આ પંક્તિને પોતાના જીવનમાં ચરિતાર્થ કરી ઋજુહૃદયી સંત પ્રમુખસ્વામીએ કરેલાં રાહતકાર્યો તેમની યશકલગીમાં સુંદર રીતે શોભે છે.

સ્વામીશ્રીની કરુણાગંગાએ તેમના સબળ નેતૃત્વ હેઠળ લાખોની સંખ્યામાં સ્વયંસેવકોને તૈયાર કર્યા, જેમણે ૪૫ જેટલી પ્રાકૃતિક દુર્ઘટનાઓમાં રાહતકાર્યો કર્યાં. ૧૯૯૩ના મહારાષ્ટ્રનો ભૂકંપ હોય, ૧૯૯૯માં ઓડિશામાં વાવાઝોડાની દુર્ઘટના હોય, તમિળનાડુ ને સૂરતના જળપ્રલયથી લઈ નૈરોબી-દારેસલામના પીડિતો હોય કે અમેરિકા જેવા સમૃદ્ધ દેશોમાં પણ કોરોના મહામારી વખતે લોકસેવા માટે કાર્યો કરવામાં સફળ રહ્યા છે.

આ સાથે વ્યક્તિગત રીતે અસ્વસ્થ તબિયતે પણ ૧૭ હજાર કરતાં વધુ ગામડાંઓમાં વિચરણ, ૭.૫ લાખ પત્રલેખન તેમજ અસંખ્ય વ્યક્તિગત મુલાકાતોથી વ્યક્તિ કે કુટુંબના પ્રશ્નો હલ કરી મુમુક્ષુઓને સુખ અને શાંતિ બક્ષ્યાં છે. ૧૨૦૦ જેટલાં સ્થાવર મંદિરો સાથે ૧૦૦૦થી વધુ જંગમ ચૈતન્ય મંદિરો(સંતો)નું નિર્માણ કર્યું. ગાંધીનગર-અમદાવાદમાં તથા દિલ્હીમાં અદ્ભુત અક્ષરધામનું સર્જન કરી હિન્દુ ધર્મની પતાકા વિશ્વમાં ફરકાવી છે. યુનો(UNO)ની વિખ્યાત વિશ્વધર્મ પરિષદમાં આશીર્વાદ આપી સ્વામીશ્રીએ ધર્મ સંવાદિતાનો અનોખો રાહ દર્શાવ્યો. પ્રખર વૈજ્ઞાનિક અને પૂર્વ-રાષ્ટ્રપતિ એ. પી. જે. કલામસાહેબે સ્વામીશ્રીને પોતાના અંતિમ અને શ્રેષ્ઠ ગુરુ માની પોતાનું પુસ્તક 'પરાત્પર' (Transcendence) સ્વામીશ્રીને ચરણે અર્પણ કર્યું છે.

આમ છતાં માત્ર આધ્યાત્મિક પથદર્શક ન બનતાં તેમણે જનહિતાય સેવાઓ જેવી કે ૨૧,૦૦૦ પશુઓની માવજત (દુકાળના સમયમાં), ૭ સુવિધાસજ્જ દવાખાનાં, ૧૧ મોબાઈલ મેડિકલ ક્લિનિક (હરતું-ફરતું દવાખાનું), ૫૦ લાખ સી.સી. રક્તદાન, વૅક્સિનેશન કેન્દ્રો, ૪૦ લાખ લોકોની વ્યસનમુક્તિ, ૨૩ છાત્રાલયો, ૧૪ શાળાઓ, ૭૫ દત્તક શાળાઓનાં નિર્માણ તથા ૨૯ લાખ પછાત વિસ્તારના દર્દીઓની વિનામૂલ્યે સારવાર – જેવાં કાર્યો કર્યાં છે. આ ઉપરાંત ૮૦૦ કરતાં વધુ પ્રકાશનો અને ૧૮ સામયિકો દ્વારા આધ્યાત્મિક માર્ગદર્શન પણ આપ્યું જ છે.

શ્રી શંકરાચાર્યે 'વિવેકચૂડામણિ'-૩૭માં લખ્યું છે તેમ 'વસંતઋતુની જેમ કોઈ પણ સ્વાર્થ વિના કેવળ પરોપકાર બુદ્ધિથી લોકોનું હિત કરનારા, શાંત ચિત્ત, ઉદાર હૃદય, લોકોને ભવસાગરથી પાર ઉતારનાર સંત આ જગતમાં વસે છે' આપણને આ શબ્દો સ્વામીશ્રીના જીવનમાં સાકાર થતા જોવા મળ્યા. કારણ જ્યારે કોઈ દોડીને કે ઊઠીને પણ ન કરી શકે તેવું કાર્ય સ્વામીશ્રીએ વ્હિલચૅરમાં બેસીને છેલ્લાં ૩ વર્ષ દરમિયાન કર્યું. ૧૮૭ મંદિરો, ૧૦૧ સાધુઓ, ન્યૂજર્સી - રોબિન્સવિલ - અમેરિકામાં અદ્ભુત અક્ષરધામનું સર્જન કરી એમણે કલા, શાંતિ, પ્રેમ અને અધ્યાત્મની અખંડ જ્યોતથી અજવાળું પાથર્યું છે.

**– રાજશ્રી મહાદેવિયા**

# શિક્ષકનું અભિવાદન અને શિક્ષણનિધિની સ્થાપના

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ૨૪મી નવેમ્બર, બુધવારે સાંજે શ્રી દાઉદભાઈ ઘાંચીના જીવનકાર્યને આલેખતા અભિવાદન ગ્રંથ 'શિક્ષણવિકાસના ધ્રુવતારક'નો વિમોચન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ ગ્રંથમાં શ્રી દાઉદભાઈ ઘાંચીના જીવન અને કાર્યને બતાવતા લેખો તથા શ્રી દાઉદભાઈનાં કેટલાંક વક્તવ્યનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમજ શિક્ષકત્વના આદર્શ સમા ડૉ. દાઉદભાઈ ઘાંચીએ કરેલા શૈક્ષણિક પ્રયોગોની વિસ્તૃત વિગતો આપવામાં આવી છે અને એ રીતે આ મુઠ્ઠી ઊંચેરા વિદ્યાપુરુષના વ્યક્તિત્વની વિશેષતાઓ આલેખતો આ ગ્રંથ શ્રી કુમારપાળ દેસાઈના પરામર્શનમાં ડૉ. ફારૂક ઘાંચી, પ્રીતિ શાહ અને હિના શુક્લએ એનું સંપાદન કર્યું છે.

એ પણ નોંધવું જોઈએ કે ગુજરાત વિશ્વકોશના શિલ્પી ડૉ. ધીરુભાઈ ઠાકર સાથે ગાઢ સંબંધ ધરાવનાર શ્રી દાઉદભાઈ ઘાંચીની વિશ્વકોશ ટ્રસ્ટને સતત હૂંફ મળતી રહી છે અને પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરની વિદાય પછી શ્રી દાઉદભાઈ પાસેથી નવાં નવાં ક્ષેત્રમાં વિકાસ સાધવાની પ્રેરણા સાંપડતી રહી છે. એમની પાસેથી ભાવિ આયોજન, માર્ગદર્શન અને પ્રોત્સાહનને પરિણામે જ વિશ્વકોશ ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના ક્ષેત્રે વિકાસ સાધતું રહ્યું.

૩૧મી જુલાઈ, ૨૦૨૧ના રોજ ૯૫મા વર્ષમાં પ્રવેશેલા દાઉદભાઈ ઘાંચીના આ અભિવાદન સમારોહમાં પ્રમુખપદેથી ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્થાપક શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે કહ્યું કે દાઉદભાઈએ એક ઉત્તમ શિક્ષક તરીકે યુનિવર્સિટીમાં એમની ઉત્તમ કામગીરીથી આગવી છાપ ઉપસાવી હતી અને વિશેષ તો એમના સરળ સ્વભાવ, હકારાત્મક અભિગમ અને સહકારભર્યા વર્તનને લીધે યુનિવર્સિટીમાં જ નહીં, પણ સર્વત્ર પ્રેમાદર પામ્યા હતા. જ્યારે અતિથિવિશેષ શ્રી પ્રદીપભાઈ ખાંડવાલાએ કહ્યું કે દેશના ઉત્થાન માટે ગ્રામવિસ્તારના શિક્ષણની સૌથી વધુ જરૂર છે ત્યારે દાઉદભાઈ જેવા શિક્ષક પાસેથી આવતી પેઢીએ પ્રેરણા લેવાની જરૂર છે. કુમારપાળ દેસાઈએ કહ્યું કે દાઉદભાઈએ શિક્ષણની અનંત શક્યતાઓ દર્શાવી છે અને એમણે વિદ્યાર્થીઓને શિક્ષણ ઉપરાંત જીવનશિક્ષણ આપ્યું છે. શિષ્યવૃત્તિ લઈને અભ્યાસ કરનારા દાઉદભાઈએ ત્રણ ત્રણ વખત ફૂલબ્રાઇટ સ્કૉલરશિપ પ્રાપ્ત કરી છે અને એક શિક્ષકમાંથી છેક યુનિવર્સિટીનું ઉપકુલપતિ પદ શોભાવ્યું તે એમની વિરલ સિદ્ધિ છે. જ્યારે એમના સુપુત્ર ડૉક્ટર અને કવિ શ્રી ફારૂકભાઈ ઘાંચીએ કહ્યું હતું કે દાઉદભાઈએ પોતાના શિક્ષણની સાથોસાથ બાળકોનાં ઘડતરમાં ઊંડો રસ લીધો. તો મોડાસા કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનભાઈ શાહે દાઉદભાઈએ મોડાસા સંકુલમાં કરેલી કામગીરી અને નવા પ્રયોગોની વાત કરી હતી. દાઉદભાઈએ પ્રતિભાવ આપતાં કહ્યું કે મારી ૯૫ વર્ષની વયની સિદ્ધિઓ અને પ્રાપ્તિઓની પાછળ કઠોર

**(અનુસંધાન ૩૨મા પાને)**

# સાડા ત્રણ હજાર બાળકોની અમ્મા



જયમ્મા ભંડારી

માતા-પિતાના ખોળામાં બેસીને વ્હાલ પામવાની ઉંમરે જયમ્માએ તેમની હૂંફાળી છત્રછાયા ગુમાવી. હવે પ્રશ્ન એ હતો કે ત્રણ વર્ષની જયમ્માને કોણ સાચવશે ? કોઈને એ જવાબદારી સ્વીકારવી નહોતી તેથી સગાંવ્હાલાં એનાથી દૂર ભાગવા લાગ્યાં. આ પરિસ્થિતિમાં જયમ્માના દૂરના કાકાને દયા આવી અને હૈદરાબાદથી આશરે ત્રણસો કિમી. દૂર આવેલા નલગોંડામાં પોતાની સાથે રહેવા માટે લઈ આવ્યા. કાકા પોતાના ઘરે લઈ તો આવ્યા, પરંતુ જયમ્માને ક્યારેય પોતાના ઘર જેવી મોકળાશની કે નિરાંતની અનુભૂતિ થઈ નહીં. એનું કારણ એ હતું કે તેને અન્ય બાળકોની જેમ તોફાન-મસ્તી કે ખેલવા-કૂદવાની તક ન મળી. તે સ્કૂલે જવા માગતી હતી, પરંતુ આર્થિક મુશ્કેલીને કારણે તે અભ્યાસ કરી શકી નહીં. સોળ વર્ષની ઉંમરે હૈદરાબાદના એક યુવાન સાથે તેનાં લગ્ન કરવામાં આવ્યાં. લગ્નનો વિરોધ કરી શકે એવી કોઈ પરિસ્થિતિ જ નહોતી, પરંતુ જયમ્મા ભંડારીને લાગ્યું કે હવે કદાચ એનાં પારાવાર દુઃખોનો અંત આવશે. અનેક આશાઓ અને સ્વપ્નાંઓ સાથે જયમ્મા સાસરે આવી. શરૂઆતના થોડા દિવસો બધું ઠીકઠાક ચાલ્યું, પરંતુ ધીમે ધીમે એનો પતિ એનો અસલ રંગ દેખાડવા લાગ્યો.

જયમ્માનો પતિ ખાસ કંઈ ભણેલો નહોતો અને નિયમિત નોકરી કે ધંધો નહોતો કરતો. પૈસાને કારણે ઘરમાં ઝઘડા થવા લાગ્યા. જયમ્મા પણ ભણેલી નહોતી, તેથી નોકરી મળે તેમ હતું નહીં. પતિએ પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે એને દેહવ્યાપારમાં ધકેલી દીધી. જયમ્માએ ઘણી કાકલૂદી કરી. મહેનત-મજૂરી કરીને ઘર ચલાવીશું એમ પણ કહ્યું, પરંતુ પતિને આવી મજૂરી કરવામાં કોઈ રસ નહોતો. તેને લાગતું કે મજૂરીથી એની જિંદગી નહીં બદલાય. જયમ્માએ સખત વિરોધ કર્યો, ત્યારે તેને ખૂબ માર માર્યો અને ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી આપી. જયમ્મા કહે છે કે, 'મારા મનમાં ખૂબ આક્રોશ હતો, પરંતુ હું ક્યાં જાઉં ? મજબૂરીમાં મારે વાત માનવી પડી.' એને સતત એમ લાગતું હતું કે શરીરની સાથે જાણે એનો આત્મા પણ વેચાઈ ગયો ન હોય ! એને કોઈ રસ્તો સૂઝતો નહોતો. તે અંદરથી તૂટી ગઈ હતી, પરંતુ પતિ પર એની કોઈ અસર નહોતી. ઘણી વાર એને આત્મહત્યાના વિચારો આવતા હતા, પરંતુ એ જાણતી હતી કે જો તે આત્મહત્યા કરી લેશે, તો પતિ એની પુત્રીને આ વ્યવસાયમાં ધકેલી દેશે. પોતાની દીકરી માટે તે સતત સંઘર્ષ કરતી રહી. આવી પરિસ્થિતિમાં તે એક સંસ્થાના સંપર્કમાં આવી. આ સંસ્થા મહિલા સેક્સવર્કર માટે

કામ કરતી હતી, સંસ્થાના અધિકારીએ જયમ્માને આ કામમાં જોડાવાનું કહ્યું અને તેણે એ વાત સહર્ષ સ્વીકારી લીધી.

ધીમે ધીમે એનામાં હિંમત આવતી ગઈ. ૨૦૧૨માં પતિને છોડીને મા-દીકરી અલગ રહેવા લાગ્યાં. હવે એની ઇચ્છા આવી સ્ત્રીઓને મદદ કરવાની હતી, પરંતુ તેને માટે સેક્સવર્કરોનો વિશ્વાસ જીતવો એ એક પડકારરૂપ કામ હતું. એમાંય જે સ્ત્રીઓ દારૂ, ડ્રગ, ધૂમ્રપાનની વ્યસની બની ગઈ હતી તેમને એ વાતાવરણમાંથી બહાર કાઢવાનું મુશ્કેલ હતું. એ લોકોની દલીલ હતી, 'અમે જો કમાઈશું નહીં, તો ખાઈશું શું ? સમાજ ક્યારેય અમને નહીં સ્વીકારે. તેથી અત્યારે જે પરિસ્થિતિ છે એનાથી વધુ ખરાબ પરિસ્થિતિ તો નહીં સર્જાય ને ?'

જયમ્માએ જોયું કે આ લોકોના પ્રશ્નો ઘણા છે અને એમને સમજાવીને મુખ્ય ધારામાં લાવવા એ અત્યંત મુશ્કેલ કામ છે, પરંતુ એણે હિંમત હાર્યા વિના કે હતાશ થયા વિના પોતાનું અભિયાન ચાલુ રાખ્યું. એક વર્ષ બાદ એણે 'ચૈતન્ય મહિલા મંડળ'ની સ્થાપના કરી. તેના દ્વારા પાંચ હજાર સેક્સવર્કરોમાં જાગૃતિ આણી. જે સ્ત્રીઓ મજબૂરીથી આ ક્ષેત્રમાં આવી હતી, તેને કાયદા દ્વારા મદદ કરી તેમજ સ્વરોજગારમાં મદદ કરી. એમનાં બાળકો માટે 'હેપી હોમ' નામનું કેન્દ્ર શરૂ કર્યું. અહીં એ બાળકોને રહેવાની, ખાવા-પીવાની અને અભ્યાસની સુવિધા પૂરી પાડવામાં આવી. તેમના અભ્યાસ ઉપરાંત તેમની સલામતીનું પણ ધ્યાન રાખવામાં આવતું હતું.

આજે આ બાળકોની આંખોમાં શિક્ષક, ડૉક્ટર અને એન્જિનિયર બનવાનાં સ્વપ્નાં રમે છે. જયમ્માએ આશરે પાંચ હજાર સેક્સવર્કરોની જિંદગીમાં પરિવર્તન આણ્યું છે. એક હજાર સેક્સવર્કરો આજે પગભર થઈ ચૂક્યા છે અને તેમનાં સાડા ત્રણ હજાર બાળકોને વૉકેશનલ ટ્રેનિંગ આપી છે, જેથી તેઓ આર્થિક રીતે પગભર બની શકે. જયમ્મા આ બધાં બાળકોની 'અમ્મા' છે. ૨૦૧૭માં કૉન્ફેડરેશન ઑફ ઇંડિયન ઇન્ડસ્ટ્રી દ્વારા સન્માનિત જયમ્માને ૨૦૧૮માં રાષ્ટ્રપતિએ નારીશક્તિ ઍવૉર્ડથી નવાજ્યાં છે.

**– પ્રીતિ શાહ**

---

**(૩૦મા પાનાનું ચાલુ)**

પરિશ્રમ છુપાયેલો છે. શિક્ષક સદાય પ્રયોગશીલ રહેવો જોઈએ અને તેથી શિક્ષણક્ષેત્રે નવીન પ્રયોગો કરવા માટે એમણે વિશ્વકોશ ટ્રસ્ટને દસ લાખ રૂ.નું દાન આપ્યું. આભારવિધિ કરતાં શ્રી પી. કે. લહેરીએ કહ્યું કે 'શ્રી દાઉદભાઈ ઘાંચી શિક્ષણનિધિ'નું આયોજન કરીને એના દ્વારા શિક્ષણવિકાસની અનેક શક્યતાઓ તાગવામાં આવશે.

આ અભિવાદન પ્રસંગે જાણીતા શિક્ષણવિદો, 'ઓસા' સંસ્થાના સભ્યો, મોડાસા શિક્ષણ સંકુલનો પરિવાર તથા શ્રી દાઉદભાઈ ઘાંચીના વિદ્યાર્થીઓ અને કુટુંબીજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને આ શિક્ષકનિધિની જાહેરાત થતાં જ ઉમદા સહયોગ સાંપડ્યો હતો અને શિક્ષકનિધિ દ્વારા શિક્ષણવિષયક કાર્યો કરવાનો સહુનો ઉમળકાભર્યો પ્રતિભાવ પ્રાપ્ત થઈ રહ્યો છે. ❑

## આગામી કાર્યક્રમો

### શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૧ ડિસેમ્બર, ૨૦૨૧, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : ભારતીય કલાની અજાણી વાતો
વક્તા : નિસર્ગ આહીર

◈ **૨૨ ડિસેમ્બર, ૨૦૨૧, બુધવાર : સાંજના ૫-૩૦**
વિષય : 'રૂઈ કા બોજ' (હિંદી ફિલ્મની પ્રસ્તુતિ) ૧ કલાક, ૫૦ મિનિટ
(ચંદ્ર કિશોર હાઝીરની હિંદી નવલકથા પર આધારિત અને પંકજ કપૂર, રઘુવીર યાદવ અને રીમા લાગૂ અભિનીત ફિલ્મ)
વક્તા : અમિતાભ મડિયા

### શ્રી યશવંત દોશી સ્મૃતિ-વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૮ ડિસેમ્બર, ૨૦૨૧, શનિવાર : સાંજના ૫-૩૦**
વિષય : 'ગ્રંથ'ના અનોખા ઉપાસક યશવંત દોશી
વક્તા : હસિત મહેતા

### આસ્વાદ

❖ સાહિત્ય, કલા અને અન્ય સાંસ્કૃતિક વિષયોની સૂક્ષ્મ સમજ કેળવવામાં રસ ધરાવતા ભાવકો દ્વારા **આસ્વાદ સંસ્થા**ના ઉપક્રમે જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવે છે. દર મહિનાના ત્રીજા રવિવારે આયોજિત થતા આ કાર્યક્રમો ગુજરાત વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં યોજાશે.

આગામી ૧૯ ડિસેમ્બર, રવિવારે સવારે ૧૦થી ૧૨ દરમિયાન આ સંસ્થાના ઉપક્રમે જાણીતાં શાસ્ત્રીય સંગીત ગાયિકા ડૉ. વિરાજ અમર ભટ્ટ 'શાસ્ત્રીય સંગીતની આજ અને આવતીકાલ' એ વિષય પર વક્તવ્ય આપશે.

### શ્રી હરિકેત પાઠક બાળ-કિશોર ચિત્રકલા-સ્પર્ધા : ૬

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ 'હરિકેત પાઠક બાળ-કિશોર ચિત્રકલા-સ્પર્ધા' યોજવામાં આવે છે. ધોરણ ૫-૬-૭ અને ૮-૯ એમ બે જૂથમાં સ્પર્ધા યોજાય છે. જે શાળાઓમાં આ ધોરણોમાં ચિત્રકલાનું શિક્ષણ અપાતું હોય અને ચિત્રકલાને ઉત્તેજન અપાતું હોય તેવી શાળાઓ પોતાનાં નામ, સરનામાં, આચાર્યશ્રી અને ચિત્ર-શિક્ષકનાં પણ નામ અને સંપર્કસૂત્ર (ટેલિફોન કે મોબાઈલ નંબર) સાથે વિશ્વકોશ ટ્રસ્ટમાં કૃપાબહેન દેથોલિયાનો (સમય : ૧૨થી ૫) સંપર્ક કરે અથવા વિશ્વકોશના સરનામે પત્રથી લખી જણાવે. સ્પર્ધાનું ફૉર્મ વિશ્વકોશમાંથી મેળવી **૨૯ ડિસેમ્બર, ૨૦૨૧** સુધીમાં કાર્યાલયમાં આપી જવા વિનંતી. આ સ્પર્ધા **૯ જાન્યુઆરી, ૨૦૨૨** ને રવિવારે યોજાશે.

# વિદુષી દક્ષાબહેન પટ્ટણીની સ્મૃતિમાં
# વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજિત નિબંધસ્પર્ધા

મહાત્મા ગાંધીજીના જીવનકાર્યનાં ઊંડાં અભ્યાસી, મહાત્મા ગાંધીજી વિશે મૂલ્યવાન ગ્રંથોનાં લેખિકા તથા પોતાના વક્તવ્ય દ્વારા મહાત્મા ગાંધીજીનાં કાર્યોનો મર્મ પ્રગટ કરનાર **સ્વ. દક્ષાબહેન પટ્ટણી**ની સ્મૃતિમાં વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે, જેની વિગતો નીચે પ્રમાણે છે :

**સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે નિબંધસ્પર્ધા**

**વિષય :** (૧) ગાંધીજી અને સ્વાવલંબન
(૨) ગાંધીજીના આશ્રમો અને તેની પ્રવૃત્તિ
(૩) શિક્ષણક્ષેત્રે ગાંધીજીનું પ્રદાન
(૪) ગાંધીજી અને સર્વધર્મસમભાવ

૧. કાગળની એક બાજુએ, ચોખ્ખા અક્ષરે, ત્રણ હજાર શબ્દોની મર્યાદામાં મૌલિક લખાણ લખવાનું રહેશે.
૨. નિબંધની સાથે જુદા કાગળ પર વિદ્યાર્થીઓએ પૂરું નામ, વર્ગ, રોલ નંબર, ઘરનું સરનામું તથા શિક્ષણસંસ્થાનું સરનામું લખવું. નિબંધ વિદ્યાર્થીએ પોતે મૌલિક લખ્યો છે તેનું પ્રમાણપત્ર આચાર્ય કે અધ્યક્ષ પાસેથી મેળવી સામેલ કરવું.
૩. આ નિબંધ ગુજરાતી, હિંદી અથવા અંગ્રેજીમાં લખી શકાશે અને તેને પ્રગટ કરવાનો અધિકાર ટ્રસ્ટનો રહેશે.
૪. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળે નીમેલા પરીક્ષકો નિબંધો તપાસશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે.
૫. ઇનામી નિબંધો સિવાયના કેટલાક ગુણવત્તાવાળા નિબંધોને ટ્રસ્ટ તરફથી પ્રમાણપત્ર અપાશે.
૬. ભાગ લેનારને સ્પર્ધાના પરિણામની મોડામાં મોડી **૩૦ માર્ચ, ૨૦૨૨** સુધીમાં જાણ કરવામાં આવશે. ઇનામો રોકડ રૂપે આપવામાં આવશે. યોગ્ય કક્ષાના નિબંધ નહીં હોય તો ઇનામ આપવામાં આવશે નહીં.
૭. આ નિબંધ મોડામાં મોડો **૩૦ જાન્યુઆરી, ૨૦૨૨** સુધીમાં નીચેના સરનામે રજિસ્ટર્ડથી મોકલવો. એનાં પારિતોષિકોની વિગત આ પ્રમાણે છે :
પ્રથમ પારિતોષિક રૂ. ૧૦,૦૦૦ દ્વિતીય પારિતોષિક રૂ. ૭,૦૦૦
તૃતીય પારિતોષિક રૂ. ૫,૦૦૦
ત્રણ પ્રોત્સાહક પારિતોષિક (પ્રત્યેકને) રૂ. ૧૦૦૦

**સરનામું**

રાજલ મહેતા, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
૫૧/૨, રમેશ પાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટીની સામે,
વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.



શ્રી દાઉદભાઈ ઘાંચીના અભિવાદન ગ્રંથ 'શિક્ષણવિકાસના ધ્રુવતારક'નું વિમોચન કરતા
પ્રમુખ કુલીનચંદ્ર યાજ્ઞિક, અતિથિવિશેષ પ્રદીપ ખાંડવાલા,
પ્રવીણ લહેરી, બિપીનકુમાર ર. શાહ, કુમારપાળ દેસાઈ, ફારૂક ઘાંચી



'ગ્રંથાલયની ગૌરવગાથા'ના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતા
રતિલાલ બોરીસાગર અને બીજાં ઉપસ્થિત મહેમાનો



'વિવિધ કોશની ઓળખ અને
તેના ઉપયોગો' વિશે ઊર્મિલા ઠાકર

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/4459. postal Regd. No. GAMC 1375 2021-23 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2023. License to post without Prepayment No. PMG/NG/111/2021-2023. valid upto 31/12/2023. at Ahd PSO On 5th every month.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો નીચેના સ્થળેથી મળશે.

### : પ્રાપ્તિસ્થાનો :

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ,
અમદાવાદ-380001
email : goorjar@yahoo.com
ફોન નં. 079 - 22149660

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**
૫૧/૨, રમેશપાર્કની બાજુમાં,
વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા,
અમદાવાદ-380013
ફોન નં. 079 - 27551703
email : vishvakoshad1@gmail.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
૧૦૨,લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઈટેનિયમ સિટી સેન્ટરની બાજુમાં,
૧૦૦ ફૂટ આનંદનગર રોડ,
પ્રહ્‌લાદનગર, અમદાવાદ-380015
ફોન નં. 079 - 26934340,
મો. – 98252 68759

**ક્રોસવર્ડ**
બી-૬, શ્રી ક્રિષ્ણા સેન્ટર,
મીઠાખળી સર્કલ પાસે,
અમદાવાદ-380009
ફોન નં. 079 - 26468931
email : latitudeahdac@gmail.com

**સદ્‌વિચાર પરિવાર**
સમર્પણ વિદ્યાપીઠ, સેટેલાઈટ રોડ,
રામદેવનગર, અમદાવાદ-380015
ફોન નં. 079 - 26860197
email : sdparivar.org@gmail.com

**ગ્રંથવિહાર**
ગુજરાતી સાહિત્ય પરિષદ,
ટાઈમ્સ ઑફ ઈન્ડિયાની પાછળ,
નદીકિનારે, આશ્રમરોડ,
અમદાવાદ-380009
ફોન નં. 079 - 26587949,
મો. 98987 62263